# જસદણ નગરપાલિકા – જસદણ

**:::: ટેન્ડર ઓફર ની જનરલ શરતો ::::**

(૧) આ ટેન્ડર પરસન્ટેજ રેઈટ બેઈઝ પર માંગવામાં આવેલ છે પરસન્ટેજ રેઈટ ટેન્ડરમાં શેડયુલ આઈટેમોનાં ભાવ ટેન્ડર માં આપવામાં આવેલ છે.

(૨) પરસન્ટેજ રેઈટ ટેન્ડરમાં શેડયુલ–''બી''માં કુલ અદાજીત કિમત દર્શાવેલ છે. જેમા ફકત અંદાજીત કિમત કરતા કેટલા ટકા નીચા/ઉંચા ભાવ કે ભાવો ભાવથી કામો રાખવાના છે તે જ રકમ દર્શાવવી અને અંદાજીત કિમત સાથે ગણતરી કરી કિંમત જણાવવાની રહેશે.

(૩) દરેક આઈટેમોના અંદાજીત જથ્થામાં ગમે તેટલો વધારો કે ઘટાડો થઈ શકશે. અને કોઈ આઈટેમો સંપૂર્ણપણે રદ થઈ શકશે કે નવી આઈટેમો ઉમેરી શકાશે. આમ છંતાય આવી આઈટેમો કે આઈટમો ના જથ્થા ના ફેરફાર થી ટેન્ડરમાં બતાવેલ આઈટેમ ના ભાવમાં કોઈપણ જાતનો ફેરફાર થશે નહી. કોન્ટ્રાકટરને દરેક લાગુ પડતી આઈટેમોની ચુકવવા પાત્ર થતી રકમ કોન્ટ્રાકટ મુજબ સાઈટ પર દેખરેખ થયેલ કામના માપ પરથી ચુકવવામાં આવશે. ટેન્ડરમાં બતાવેલ પરસન્ટેજ રેઈટના બધાજ માલસામાન તથા મજુરીના ખર્ચનો સમાવેશ થઈ જાય છે અને તે બાબતે કોઈપણ જાતની વધારાની રકમ ચુકવવામાં આવશે નહી. નવી ઉમેરેલી આઈટેમોના ભાવ ટેન્ડરમાં તે પ્રકારની આઈટેમોના ભાવ ઉપર થી અથવા તો રેઈટ એનાલીસીસ બનાવી ને તે ઉપરથી અથવા તો ચાલુ બજારના ભાવો ઉપર થી નગરપાલિકા નકકી કરે તે મુજબ ઠરાવવાના રહેશે.

(૪) શેડયુલમાંની કોઈપણ આઈટેમ કે આઈટેમોના વર્ણન કે જથ્થામાં થયેલી ભુલ કે ક્ષતી ના કારણે આ કોન્ટ્રાકટનો ભંગ થયો ગણાશે નહી પરંતુ તેને ફેરફાર તરીકે ગણવામાં આવશે.

(૫) આ ટેન્ડર ઓફરની સાથે ટેન્ડરરના તથા ચીફ ઓફીસરના સંયુકત નામો ની ફિકસ ડિપોઝીટ રસીદ કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકની અર્નેસ્ટમની ડિપોઝીટ પેટે જોડવાની રહેશે. તેમજ બીલમાંથી **૨.૫૦%** મુજબ સિકયોરીટી ડિપોઝીટ કપાત કરવામાં આવશે. તેમજ **૨.૫૦%** મંજુર થયેથી ભરવાની રહેશે. આમ કપાત કરેલ તથા ભરેલ ડિપોઝીટ મળી કુલ **૫.૦૦%** સિકયોરીટી ડીપોઝીટને પ્રોજેકટ સંતોષકારક રીતે પુરો થયે કમ્પલીશન સર્ટીફિકેટ મળ્યેથી **ત્રણ–વર્ષ** સુધી નગરપાલિકામાં જમા રાખવામાં આવશે. અને ટેન્ડર મંજુર થયેથી **૫.૦૦%** મુજબ પરર્ફોમન્સ બોન્ડ ડિપોઝીટ એફ.ડી.આર./બેંક ગેરેન્ટી રૂપે જમા કરવાની રહેશે. જે રકમ સંપુર્ણ કામ પુર્ણ થાય અને ફાઈનલ બિલના પેમેન્ટ થયાબાદ કમ્પલીશન સર્ટીફિકેટ મળ્યાબાદ છુટી કરવામાં આવશે. તેમજ દરેક બિલ થયેલ કામના આઈટેમ રેઈટ મુજબ ની રકમના **૧૦૦%** રકમની ચુકવણી કરવામાં આવશે તેમજ દરેક રનીંગ/ફાઈનલ બિલમાંથી અગાઉ ચુકવેલ પેમેન્ટ બાદ કરવામાં આવશે. અને **૧.૦૦%** મુજબ થર્ડ પાર્ટી ચાર્જ રનીંગ/ફાઈનલ બિલમાંથી કપાત કરવામાં આવશે.

(૬) આ કામ માટે એજન્સી દ્વારા સિકયોરીટી ડિપોઝીટ પેટે જો એફ.ડી.આર. નેશનલાઈઝ બેંક ની રજુ કરવામાં આવેતો કરાર આ કામની અંદાજીત કિંમતના **૫%** મુજબ આવતી રકમના **૪.૯૦%** મુજબ સ્ટેમ્પ પેપર વાપરવાનો રહેશે. જયારે એજન્સી દ્વારા સિકયોરીટી ડિપોઝીટ પેટે બેંક ગેરંટી સરકાર માન્ય બેંક ની રજુ કરવામાં આવશે તો કરાર **રૂા. ૩૦૦/–** ના સ્ટેમ્પ પેપર ઉપર કરવાનાં રહેશે.

(૭) આ ટેન્ડર ઓફરની કાયદેસરતા આ ટેન્ડર ખુલ્યા પછીથી ૧૨૦–અદિવસ સુધીની રહેશે.

(૮) ટેન્ડર ઓફર ભરતા પહેલા ટેન્ડર કામના સ્થળની પુરી તપાસ કરીને જમીનના લેવલ જમીનના પ્રકાર ઈલેકટ્રીક પાવર અને પાણી વ્યવસ્થા વિગેરેની સંપૂર્ણ જાણકારી મેળવેલ છે તેમ માનવામાં આવશે. સાઈટ કન્ડીશનને કારણે ઉદભવેલા કોઈપણ દાવાને ધ્યાનમાં લેવામાં નહી આવે.

(૯) અધુરી અથવા અસ્પષ્ટ ઓફરને ગેરલાયક ઠરાવી શકાશે.

(૧૦) કોઈપણ કારણ દર્શાવ્યા વિના કોઈપણ એક કે બધીજ ટેન્ડર ઓફરો રદ કરવાનો કે સ્વિકારવાનો હકક અમોને અબાધીત રાખેલ છે.

(૧૧) પાણી તથા તેને માટે જોઈતી પાઈપ લાઈન તેમજ ઈલેકટ્રીકની તમામ વ્યવસ્થા કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે કરવાની રહેશે.

# જસદણ નગરપાલિકા – જસદણ

**:::: કોન્ટ્રાકટની શરતો ::::**

**(૧) સમય મર્યાદા :**

અગાઉ જણાવેલ સમય મર્યાદા વર્ક ઓર્ડર આપ્યાની તારીખ થી અમલમાં આવી ગયેલ ગણાશે સમય મર્યાદા એ આ કોન્ટ્રાકટ ની અગત્ય ની શરત ગણાશે એટલે કોન્ટ્રકટરે આ કામ ઉપરોકત સમય મર્યાદા માં કે તેથી વહેલુ પુરૂ થાય તેવા શકય તમામ પ્રયાસો કરવા જરૂરી છે .

**(૨) સ્પેસીફિકેશન :**

કોન્ટ્રાકટરે દરેક કામ સંપૂર્ણપણે સ્પેસીફિકેશન પ્રમાણેજ કરવાના રહેશે નગરપાલિકા વતી કન્સલ્ટીંગ એન્જીન્યરે આપેલડિઝાઈન,ડ્રોઈંગ કે સુચનાઓ લેખિત સ્વિકારીને આવુ કામ કરવાની જવાબદારી કોન્ટ્રકટરની રહેશે.બધીજ વખતે પી.ડબલ્યુ.ડી. હેન્ડ બુક વોલ્યુમ : ૧ અને ૨ અને ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટીટયુટ દ્વારા આપેલ સ્ટાન્ડર્ડ સ્પેસીફીકેશન નો અમલ કરાશે.

**(૩) દસ્તાવેજોની ગુપ્તતા :**

આ ટેન્ડર ડોકયુમેન્ટમાં આપેલ કોઈપણ જાતના દસ્તાવેજ કે ડ્રોઈંગ નો સીધો કે આડકતરી રીતે ટેન્ડર કે કોન્ટ્રાકટરના કામ સિવાઈ બીજા કોઈપણ હેતુ માટે ઉપયોગ કરવો નહી.

**(૪) આખરી નિર્ણય :**

સ્પેસીફીકેશન, ડ્રોઈંગ, માપસાઈઝ કામની ગુણવતા આઈટેમ રેઈટ, બીલ, કોન્ટ્રાકટની શરતો, કામનો જથ્થો, કામનો પ્રોગ્રેસ,સમય મર્યાદા,ટેન્ડર શરતોના અર્થ,સ્પષ્ટીકરણ અને મુલ્યાંકન વિગેરે તમામ ટેકનીકલ બાબતો માટે નગરપાલિકાનો નિર્ણય આખરી અને બન્ને પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

**(૫) પેમેન્ટની શરતો :**

**(અ)** સિકયોરીટી ડિપોઝીટ એજન્સીએ ભાવ મંજુર થયાથી **૨.૫૦%** મુજબ એફ.ડી.આર. સ્વરૂપે ભરવાની રહેશે તેમજ બિલમાંથી **૨.૫૦%** મુજબ કપાત કરવામાં આવશે. આમ કુલ **૫.૦૦%** મુજબની સિકયોરીટી ડિપોઝીટ ને પ્રોજેકટ પુર્ણ થયા બાદ કમ્પલીશન સર્ટીફિકેટ મળ્યેથી **૩–વર્ષ** માટે નગરપાલિકામાં વગર વ્યાજે જમા રાખવામાં આવશે. અને ટેન્ડર મંજુર થયેથી **૫.૦૦%** મુજબ પરર્ફોમન્સ બોન્ડ ડિપોઝીટ એફ.ડી.આર./બેંક ગેરેન્ટી રૂપે જમા કરવાની રહેશે. જે રકમ સંપુર્ણ કામ પુર્ણ થાય અને ફાઈનલ બિલના પેમેન્ટ થયાબાદ કમ્પલીશન સર્ટીફિકેટ મળ્યાબાદ છુટી કરવામાં આવશે. કોન્ટ્રાકટર જો પોતાનું કામ અધુરુ છોડે અથવા તો સમય મર્યાદામાં પુરૂ ન કરેતો નગરપાલીકા પોતાના નિર્ણય થી ડિપોઝીટ જપ્ત કરી વસુલ થયેલ ગણાશે.

**(બ)** દરેક બિલ થયેલ કામના આઈટેમ રેઈટ મુજબની રકમના **૧૦૦%** રકમની ચુકવણી કરવામાં આવશે તેમજ દરેક રનીંગ/ફાઈનલ બિલમાંથી અગાઉ ચુકવેલ પેમેન્ટ બાદ કરવામાં આવશે.

**(ક)** કોન્ટ્રાકટરના દરેક રનીંગ/ફાઈનલ બિલ તથા કામ પેટેના ચુકવણા માંથી સરકારશ્રીના ધારાધોરણ મુજબ ઈન્કમટેકસ નગરપાલિકા દ્વારા કપાતકરી સરકારશ્રીના નિયત હેડે ભરી દેવામાં આવશે. તેમજ **૧%** વેલ્ફેર ફંડ કપાત કરવામાં આવશે.

**(ડ)** મંજુર થયેલા ભાવો ઉપર કોઈપણ સંજોગોમાં ભાવવધારો (પ્રાઈઝ એકસકેલેશન) આપવામાં આવશે નહી.

**(ઈ)** કોન્ટ્રાકટર દર કેલેન્ડર માસમાં વર્ક પ્રોગ્રેસનુ દરેકનું એક અથવા બે–બીલ રજુ કરી શકશે.

**(૬) પેનલ્ટી બોનસ :**

કોન્ટ્રાકટરને આપેલ સમયમર્યાદામાં કોન્ટ્રાકટર જો સંતોષકારક રીતે કામ પુરૂ ન કરી શકે તો કોન્ટ્રાકટર થતા બિલમાંથી દૈનિક લેખે **કોન્ટ્રાકટ વેલ્યુના ૦.૧% મુજબ અને વધુમાં–વધુ ૧૦%** મર્યાદા સુધી પેનલ્ટી નગરપાલિકાના નિર્ણય ઉપર વસુલ કરવામાં આવશે. આ પેનલ્ટી ઉપરાંત કામ મોડુ પુરૂ કરવાની કે કોન્ટ્રાકટરની ભંગ કરવાથી નગરપાલિકાને થયેલ સીધી ખોટ કે નુકશાનનું વળતર કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે.

**(૭) એકસ્ટ્રા આઈટેમો :**

**(અ)** એકસ્ટ્રા આઈટેમો કે એકસ્ટ્રા કામો માટેના રેઈટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ / પી.ડબલ્યુ.ડી.ના ચાલુ એસ.ઓ.આર. મુજબ અથવા તે સમયના બજારભાવો તથા કોન્ટ્રાકટરે આપેલ રેઈટ એનાલીસીસ અને કોન્ટ્રાકટરમાં આવતી તે જાતની આઈટમના ભાવ ઉપરથી નકકી કરવામાં આવશે.આવી એકસ્ટ્રા આઈટેમો એકસ્ટ્રા કામોના નગરપાલિકાએ નકકી કરેલા ભાવ આખરી અને બન્ને પાર્ટીને બંધનકર્તા રહેશે.

**(બ)** જયારે કોઈપણ કામનો ભાગ સરખી રીતે માપી ન શકાય કે તેની કિંમત અંદાજી ન શકાય ત્યારે કોન્ટ્રાકટરને તેનુ રેઈટ એનાલીસીસ મુજબની ઉચક કિંમત નગરપાલિકા દ્વારા ચુકવવામાં આવશે.

**(ક)** આ કામમાં જે વધારાની એકસ્ટ્રા આઈટેમ કામ કરવાનું થાય તે ચાલુ એસ.ઓ.આર.પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ તથા માર્ગ અને મકાન વિભાગ–**રાજકોટ**ના શેડયુલ ઓફ રેઈટસના ભાવથી કોન્ટ્રાકટરે કરી આપવાનું છે અથવા રેઈટ એનાલીસીસ મુજબ કરી આપવાનું છે. તથા ટેન્ડર ઉચા ભાવનું મંજુર થયેલ હશે તો એસ.ઓ.આર.માં આપેલ ભાવ મુજબ બિલમાં ચુકવવામાં આવશે, અને જો ટેન્ડર નીચા ભાવનું મંજુર થયેલ હશે તો એસ.ઓ.આર. ભાવથી ટેન્ડર જેટલા નીચા ભાવ

મંજુર કરેલ હશે તે મુજબ દર નીચા કરી બિલમાં ચુકવવામાં આવશે.

**(૮) સલામતીની વ્યવસ્થા :**

કોન્ટ્રાકટરે કામ સંતોષકારક રીતે પુર્ણ થાય ત્યાં સુધી બધા માણસો માલસામાન અને પ્રોપર્ટીની સલામતી અને રક્ષણ માટેની જરૂરી અને પુરતી વ્યવસ્થા અને ગોઠવણી કરવી પડશે. કોઈપણ કામ માટે નગરપાલિકાએ સોંપેલ માલની લેખિત પહોંચઆપી તેની જાળવણી અને વ્યવસ્થિત ઉપયોગ કરી વધેલ માલની પાછી સોંપણી કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશ

**(૯) વિમો :**

**(અ)** ચાલુ કામ દરમ્યાન અનેકામ સંપૂર્ણ પુરૂ થાય ત્યાં સુધી નગરપાલિકાએ સોંપેલમાલ અને નગરપાલિકાએ પેમેન્ટકરેલ કોન્ટ્રાકટર ના માલને કોઈપણ કારણોને લીધે થતા નુકશાન કે ઘટની જવાબદારી સંપૂર્ણ પણે કોન્ટ્રાકટરની રહેશે આ કામ પુરૂ થાય માટે ત્યાં સુધીના માલસામાન કામના જોખમે તથા આજુ બાજુ ની માલમિલ્કતને થાય તેવા નુકશાન માટે નગરપાલિકાસુચવે તેવો વિમો કોન્ટ્રાકટરે લેવો પડશે. આવી વિગતની પોલીસી કોઈપણ નેશનલાઈઝડ ઈન્સ્યોરન્સ કંપનિ માંથીનગરપાલિકાની ફેવરમાં કુલ સમય મર્યાદા તથા ટાઈમ લીમીટનો વધારો કે કામ મોડુ પુરૂ થાય ત્યાં સુધી સમયની લેવાની રહેશે તેનુ તમામ પ્રિમિયમ કોન્ટ્રાકટરે ભોગવવાનું રહેશે.

**(બ)** આ ઉપરાંત કોન્ટ્રાકટર ચાલુ કામ દરમ્યાન કામ કરતા પોતાના માણસો તથા નગરપાલિકાના કોઈપણ પ્રતિનીધીઓ માટે વર્કમેન કોમ્પનશેબલ ઈન્સયોરન્સ કામ પુરૂ થાય ત્યાં સુધીના સમય માટે લેવાનો રહેશે.

**(૧૦) ચોકીદાર :**

કોન્ટ્રાકટરે પોતાના સ્વખર્ચે સાઈટ ઉપર તમામ માલ સામાનની સલામતી જાળવણી કરી શકે તેવા ચોકીદારની વ્યવસ્થાકરવાની રહેશે આવીવ્યવસ્થા માલસામાન તેમજ મજુરોની સલામતી તેમ માલસામાનની હેરફેર તથા સ્ટોરેજને કન્ટ્રોલ કરી શકે તેવી પુરતી રાખવાની રહેશે.

**(૧૧) સર્ટીગ આઉટ :–**

કોન્ટ્રાકટરે પોતે પ્લાન ઉપરથી કામને સેટ આઉટ કરવાનો રહેશે અને સાચા અને ચોકકસ સેટીંગ આઉટ ઉપરાંત દરેક બિલ્ડીંગ ની પોઝીશન લેવલ માપસાઈઝ તથા એલાઈમેન્ટની ચોકકસાઈની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. કોઈપણ સમયે જોચાલુ કામ દરમ્યાન તેમા કોઈ ભુલ જણાશેતો નગરપાલિકાના એન્જીન્યરને યોગ્ય લાગે ત્યાં સુધી કોન્ટ્રાકટરે પોતાના સ્વખર્ચે આવી ભુલ સુધારવાની રહેશે.

**(૧૨) બ્રાન્ડ (મેઈક) :**

જયાં જયાં કોઈ કામ માટે નગરપાલિકાના એન્જીન્યર કોઈ મટીરીયલ્સ માટે કોઈ ચોકકસ બ્રાન્ડ કે મેઈક દર્શાવેલ હોય ત્યાં કોન્ટ્રાકટરે તેજ વસ્તુ વાપરવાની રહેશે. કોન્ટ્રાકટર આવી વસ્તુઓની સમકક્ષ બ્રાન્ડ કે મેઈક નગરપાલિકાના એન્જીન્યરની પૂર્વ મંજુરી લીધા પછી વાપરી શકશે. અને આવી પૂર્વ મંજુરી આ ફેરફાર માટેના કોન્ટ્રાકટરે રજુ કરેલા બધા કારણો લક્ષમાં રાખીને આપવામાં આવશે.

**(૧૩) ઝાડ પાન :**

નગરપાલિકાએ દર્શાવેલા ઝાડ કે વનસ્પતિને ચાલુ કામ દરમ્યાન નુકશાન ન થાય તે રીતે જાળવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે આવા ઝાડ થી ત્રણ ફુટ ત્રિજીયા ની અંદર જમીનનું લેવલ બદલાવી શકાશે નહી જરૂર જણાય ત્યાં આવી જગ્યા એ કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે કામ ચલાઉ ફેન્સીંગની વ્યવસ્થા કરી આપવી પડશે.

**(૧૪) ખોદેલી વસ્તુઓ :–**

સાઈટ ઉપર પડેલ અથવા તો ચાલુ કામ દરમ્યાન ખોદકામમાં મળી આવેલ કોઈપણ ધાતુ અવશેષ કે કિંમતી વસ્તુઓ જાળવીને બહાર કાઢીને તુરતજ સાચવી રાખીને જેતે સ્થિતિમાંજ સારુ કર્યા વિના નગરપાલિકાને સોંપી દેવાની રહેશે.

**(૧૫) નકકી આઈટેમ રેઈટ :**

આ કોન્ટ્રાકટમાં આવતી તમામ આઈટેમોના નકકી કરેલ અને બન્ને પાર્ટીઓએ સ્વિકારેલા ભાવે કામ પુરુ થાય ત્યાં સુધી કાયમ રહેશે તેમજ ભાવ વધારો કે બિજા કોઈપણ કારણોસર કોઈપણ જાતનો ફેરફાર આ ભાવોમાં કરી શકાશે નહી બેઝીક રેઈટના ભાવ ફેર તથા એકસ્ટ્રા આઈટેમ કે એકસ્ટ્રા કામમાં નગરપાલિકા દ્વારા નકકી કરાવેલ ભાવ ફાઈનલ ગણાશે.

**(૧૬) પર્ટ–સી.પી.એમ.પ્લાનીંગ :**

કોન્ટ્રાકટરે વર્ક ઓર્ડર મળ્યાની ૧૫–દિવસની અંદર પર્ટ–સી.પી.એમ.ચાર્ટ તૈયાર કરીને કામ ચાલુ કરવાની તથા પુરૂ કરવાની સંભવિત તારીખો સાથે કામના જુદા–જુદા સ્તરોએ બધી એકટીવીટી માટે નગરપાલિકાના એન્જીન્યર પાસે મંજુર કરેલ પોગ્રામ મુજબજ કામ કરવાનું રહેશે.

**(૧૭) મશીનરી – સાધનો :**

કામ સારી રીતે ચાલુ રહીને પુરુ થઈ શકે તે માટે કોન્ટ્રાકટરે બધી જાતના જરુરી અને પુરતા સાધનો જેવાકે હોટ–મીક્ષીંગપ્લાન્ટપેવર મશીનરી રોડ રોલર તથા બાંધકામ તથા પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કામો માટે જોઈતા જરૂરી સાધનો – યંત્રો તથા હથીયારો ઓજારો વિગેરે રાખવા પડશે.

**(૧૮) સાઈટ ચોખ્ખી રાખવા બાબત :**

સાઈડ ની જગ્યા તથા મજુરોના રહેઠાણ તથા તેમની કામ કરવાની જગ્યા સારી સ્થિતીમાં રાખવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. સાઈડ પરની બધી અડચણો પથ્થરો તથા અન્ય મટીરીયલ કચરો કે ઘાસપાન વિગેરે કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે દુરકરી સાઈડ ચોખ્ખી કરવાની રહેશે. કામ પુરૂ થયે સાઈડ પરના ખાડાઓ કે છુટા પથ્થરો કાઢવાથી થયેલ ખાડાઓ મુરમ થી પુરી બરોબર રોલીંગ કરી સાઈડ ચોખ્ખી કરાવવા માટે કોન્ટ્રાકટરને કોઈપણ જાતનું વધારાનું પેમેન્ટ કરવામાં નહી આવે.

**(૧૯) સાઈટ એન્જીનીયર :**

ચાલુ કામ દરમ્યાન કોન્ટ્રાકટ આખા દિવસના સમય માટે નગરપાલિકા મંજુર કરે તેવો અનુભવી અને લાયકાતધરાવતોએન્જીનીયર રાખવાનો રહેશે. અને પ્રોજેકટ સાઈડ પર જયારે માણસો કામ કરતા હોય ત્યારે તેની પુરી હાજરી રાખવી પડશે. કોન્ટ્રાકટરે રાખેલ આવા એન્જીનીયરને નગરપાલિકાના એન્જીનીયરે આપેલ કોઈપણ સુચના સમજુતી દોરવણી કે નોટિસ એ કોન્ટ્રાકટરને આપ્યા બરાબર ગણાશે.

**(૨૦) માણસો છુટા કરવા :**

નગરપાલિકાના એન્જીનીરની સુચનાથી કોન્ટ્રાકટરે પોતાના કામ ઉપર રાખેલ કોઈપણ માણસો કે જે તેમની દ્રષ્ટીએ ગેરલાયક કે ગેરવર્તણુક કરતો અભ્યાસ લાગશે. તેને તુરંત રજા આપીને છુટો કરી દેવો પડશે. અને નગરપાલિકાના એન્જીનીયર ની લેખિત મંજુરી વિના આવા છુટા કરેલ માણસને ફરીથી કામે રાખી શકશે નહી.

**(૨૧) પેટા કોન્ટ્રાકટર :–**

આ કોન્ટ્રાકરમાં આવતુ તમામ કામ કોન્ટ્રાકટરે પોતેજ કરવાનું રહેશે. અને નગરપાલિકાની પૂર્વ મંજુરી વિના આકોન્ટ્રાકટર નું તમામ કામ તે તેનો અમુક ભાગ સીધી કે આડકતરી રીતે બીજા કોઈ પણ કોન્ટ્રાકટરને ટ્રાન્સફરકે પેટા કોન્ટ્રાકટકે કમીશન થી આપી શકશે નહી. અને આવી મંજુરી છતાય ચાલુ કામ દરમ્યાન કે ગેરંટી પીરીયડ દરમ્યાન કે કોન્ટ્રાકટની અંદર આવતી તમામ અને સંપૂર્ણ જવાબદારી મેઈન કોન્ટ્રાકટરની રહેશે.

**(૨૨) બાયલોઝ ધારાધોરણ :–**

આ કામને લાગુ પડતા ધારાધોરણી તમામ જોગવાઈઓ કોન્ટ્રાકટરે પુરી પાડવાની રહેશે. અને રસ્તા, પાણી, લાઈટ અથવા અન્ય વસ્તુઓ માટેના નિતી નિયમો તથા બાયલોઝનું સંપૂર્ણ પણે પાલન કરવાનું રહેશે. કોન્ટ્રાકટરે આવી જુદી–જુદી ઓથોરીટી ના નિયમો અને બાયલોઝની જોગવાઈઓ અને પુરી કરવાની પધ્ધતિઓ નગરપાલિકાના ધ્યાન પર લાવવાની રહેશે અને સદરહું કામમાં મંજુર થયેલ એજન્સીને ગુજરાત નાગરીક પુરવઠા વિભાગ માંથી સીમેન્ટ મેળવવા માટે નગરપાલિકાએ જરૂરી મંજુરી આપીને દરખાસ્ત કરી આપવાની રહશે. જે માટે સદરહું કામમાં કામ વાઈઝ એજન્સી પાસે થી સીમેન્ટ વપરાશ માટેના જથ્થાની ગણતરી મેળવી ન.પાના એન્જીનિયર પાસે એપ્રૂવ્ડ કરાવી ત્યારબાદ આ કાર્યવાહી કરી આપવાની રહેશે.

**(૨૩) વધારાનો માલસામાન :–**

કામ સંપૂર્ણરીતે પુરૂ થયા પછી વધારાનો માલસામાન નગરપાલિકાની મંજુરી પછી કોન્ટ્રાકટરને સાઈટ પરથી લઈજવાદેવા માં આવશે.

**(૨૪) પેમેન્ટ હકો :–**

કોન્ટ્રાકટરે સપ્લાય કરેલ માલ કે કોન્ટ્રાકટરે કોઈપણ કામને કારણે ઉભા થતા પેમેન્ટ હકો રોયલ્ટી, લાયસન્સ ફી, નુકશાન, ખર્ચ, કે વળતરના દાવાઓની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની પોતાની રહેશે. આ કામ માટે વપરાશ માં આવતો માલસામાન સિમેન્ટ, કપચી ,મેટલ ,મોરમ, રેતી, લોખંડ, હાથફોડ મેટલ, ઈંટ, આર.સી.સી. એન.પી.–ર કલાસપાઈપ એસ્ફાલટની રોયલ્ટી, ફી તથા અન્ય તમામ જાતના સરકારી ટેક્ષ વિગેરે કોન્ટ્રાકટરે ભરવાના રહેશે.

**(૨૫) સાઈટ મીટીંગ :–**

કામની વ્યવસ્થીત પ્રોગેસ કે કામદરમ્યાન ઉભા થયેલ પ્રશ્નોની વિચારણા માટે અથવાતો કામના સંકલન માટે નગપાલિકાના એન્જીનીયરે બોલાવેલ સમયે વખતો વખતની સાઈટ મીટીગમાં હાજર રહેવું પડશે.

**(૨૬) બાળ મજુરો :–**

કોન્ટ્રાટરે ૧૪ વર્ષથી નીચે ના બાળમજુરોને કામ પર રાખવા નહી. જો સ્ત્રી મજુરો , કામ ઉપર હોય તો કોન્ટ્રાકટરે નાનબાળકોના રક્ષણ માટે તથા કામના સ્થળથી તેમને દુર રાખવાની તમામ વ્યવસ્થા કરવાની રહેશે. નગરપાલિકાને લેખિત મંજુરી સિવાય કોન્ટ્રાકટરના માન્ય ચોકીદાર સિવાય બિજા કોઈપણ મજુરો ને કમ્પાઉન્ડમાં રહેવા દેવામાં આવશે નહી.

**(૨૭) માલસામાનનો બગાડ :–**

જયારે પણ કોન્ટ્રાકટરને નગરપાલિકા દ્વારા કોઈપણ મટીરીયલ્સ વાપરવા દેવામાં આવે જેવા કે લોખંડ, સિમેન્ટ, સિમેન્ટશીટસ ત્યારે કોન્ટ્રાકટરને ડ્રોઈંગ તથા સ્પેશીફીકેશ ઉપર થી ગણત્રી કરેલ જથ્થા પરથી **૫%** વેસ્ટેજ ગણી ને વાપરવા દેવામાં આવશે. જો નગરપાલિકાને આના કરતા વધુ વપરાશ થયેલો જણાશેતો બેજીક રેઈટના ડબલ રેટઈથી વધારાના જથ્થાની કિંમત વસુલ કરાશે. અથવા તો તે આઈટમના ટેન્ડર ભાવ મુજબની રકમ બે માંથી જે વધુ હશે તે વસુલ કરાશે.

**(૨૮) ઈન્સ્પેકશન :–**

કોન્ટ્રાકટમા આવતુ કોઈપણ જાતનું ચાલુ કામ અથવા થઈ ગયેલુ કામ કોઈપણ સમયે નગરપાલિકાના એન્જીનીયર

તપાસી શકશે તે રીતે ખુલ્લુ રાખવુ પડશે. આવી દરેક વિઝીટ વખતે કોન્ટ્રાકટરે તપાસ થઈ શકે અને માપસાઈઝ લઈ શકાય તે માટે જરૂરી તમામ વ્યવસ્થા અને માણસોની મદદ કરવી પડશે.

**(૨૯) અન્ય કોન્ટ્રાકટરો :–**

આ કોન્ટ્રાકટનું કોઈપણ કામ આપવુ અથવાતો તેનો કોઈ ભાગ અથવા તો બીજુ કામ કે બીજી આઈટમોનું કામ કરવા માટે અન્ય કોન્ટ્રાકટર રાખવાનો નગરપાલિકાનો અબાધિત હકક રહેશે. કોન્ટ્રાકટરે આવા બીજા કોન્ટ્રાકટરને કામ શરૂ કરવાથી પુરૂ કરવા સુધી સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે.

**(૩૦) કામનો વિલંબ :–**

નગરપાલિકાને કોન્ટ્રાકટમાં આવતુ કોઈપણ કામ અથવાતો તેનો કોઈભાગ નું કામ કરવામાં વિલંબ કરવાની સુચના આપવાનો અધિકાર રહેશે. જો આવો વિલંભ કોન્ટ્રાકટરના કોઈપણ જાતના વાક વગર કરવામાં આવશે. તો નગરપાલિકાના નિર્ણય મુજબ સમય મર્યાદામાં તેટલો વધારો કરી આપવામાં આવશે.

**(૩૧) ક્ષતિવાળા કામોનો નિકાલ :–**

જો નગરપાલિકા ના એન્જીનીયરને કોઈ કામ અથવા તેનો ભાગ સ્પેશીફીકેશન મુજબના મટીરીયલર્સ થી ન થયેલો અથવાતો બરાબર કારીગરી વાળો જણાશે તો સમયે સમયે લેખિત હુકમ આપીને હુકમમાં દર્શાવેલ સમય મર્યાદામાં આવુ કામ કઢાવી નાખવાનો અધિકાર રહેશે. કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે આવુ કામ કઢાવવુ પડશે. અને તેની જગ્યા એ નગરપાલિકાના એન્જીનીયરની સુચના મુજબ નવા મટીરીયલ્સ થી સારૂ કામ ફરીથી વિનામુલ્યે કરી આપવાનું રહેશે. જો કોન્ટ્રાકટર આવા હુકમ નુ પાલન કરવા નો અનાદર કરશે. તો નગરપાલિકા ના એન્જીનીયર આ કામ દુર કરી નવુ કામ કરાવવા માટે બીજા માણસો અથવા સબ કોન્ટ્રાકટ આપવાનો અધિકાર રહેશે. આ કામ પાછળ થતો બધો ખર્ચ નગરપાલિકા પાસે કોન્ટ્રાકટરની જમા પડેલ રકમ, જમા થવાની રકમમાંથી ચુકવી આપશે.

**(૩૨) પેમેન્ટ અટકાવવુ :–**

ધીમી ગતીએ ચાલતુ કામ અથવાતો ખરાબ કામગીરી વાળુ કામ અથવાતો નગરપાલિકાના એન્જીનીયરની વખતો વખતની સુચના ઓનુ પાલન કોન્ટ્રાકટર ન કરે અથવા તો અન્ય કોઈપણ દર્શનીક કારણો ને લઈને નગરપાલિકા કોન્ટ્રાકટરને કરવાનુ પેમેન્ટ અટકાવી શકશે. અને જયા સુધી નગરપાલિકાને પેમેન્ટ અટકાવવાની જરૂરીયાત માટે ના કોઈ કારણ રહયાની ખાત્રી થાય ત્યાં સુધી આવુ પેમેન્ટ અટકાવી શકશે. આ કોન્ટ્રાકટરને લગતા કોઈ કામ બાબતે કે કોન્ટ્રાકરે કરવાની વસ્તુ કરવાથીકે ક રવાનુ મોકુફ રાખવા થી નગરપાલિકા વિરૂધ્ધ થયેલ કે કોઈપણ દાવા ,કેસ , માંગણી કે પગલાથી અથવાતો આ કોન્ટ્રાકટરનેલગતા કામો કરવાથી કે કરવાનું મોકુફ રાખવાથી કોન્ટ્રાકટ વિરૂધ્ધ કરેલ દાવો કે પગલાથી નગરપાલિકાને થતા નુકશાન કે ખોટ ની જવાબદારી કોન્ટ્રાકટ ની રહેશે. અને નગરપાલિકાને આવા દાવા કે કેસ માં રક્ષણ આપવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

**(૩૩) મોડીફીકેશન :–**

આ કોન્ટ્રાકટની કોઈપણ શરતો કે જોગવાઈઓ ફેરફાર કરવાની જરુર જણાયતો આવા ફેરફાર લેખિતમાં કરવાની રહેશે એમાં બન્ને પાર્ટીઓએ સહી કરીને કરવાના રહેશે.અને આ નથાય ફેરફાર વાળુ કોઈપણ કામ કરવાદેવામાં આવશે નહી સમગ્ર કોન્ટ્રાકટ અથવા તો તેની કોઈપણ શરતો રદ કરતી વધારો કરેલ કે પુરક કોઈપણ જાતનો મૌખિક કે લેખિત હુકમની જવાબદાર જયાસુધી તેમાં નગરપાલિકાની સહીન થાય ત્યાં સુધી નગરપાલિકાની રહેશે નહી અને ત્યાં સુધીના આવા હુકમો રદ કરી શકાશે આવીજ રીતે નગરપાલીકાના એન્જીનિયરને લેખિત ઓર્ડર આપી આ કોન્ટ્રાકટ માટેનું કોઈપણ કામ વધારવાનો વિસ્તારવાનો ઓછુ કરાવવાનો તથા ડીઝાઈન, સાઈઝ, જથ્થો, માપ, કે મટીરીયલનો ઉપયોગનો ફેરફાર કે બદલવાનો તથા કોઈ વધારાનું કામ લેખિત હુકમ થી કરવાનો કે કોઈ ન કરવાનો અધિકાર છે.આવા વધારાના ખરેખર થયેલ કામ તથા વપરાયેલ મટીરીયલ્સ પ્રમાણેપે મેન્ટ કરવામાં આવશે. કોઈપણ જાતના વિસ્તરણ સંકોચન વધારો કે ઘટાડો કે ફેરફાર ને કારણે આ કોન્ટ્રાકટ ની કાયદેસરતાને કોઈ અસર થશે નહી પરંતુ કોન્ટ્રાકટરે આવા કામો કોન્ટ્રાકટ માટેનાજ ગણી કોન્ટ્રાકટની દરેક શરતો લાગુ પાડીને સ્પેસીફીકશન મુજબજ કરવા ના રહેશે આવા કામના વિસ્તરણ ઉમેરો સંકોચન ઘટાડો ફેરફાર કે સુધારા વધારા ના સમયે નગરપાલિકાના એન્જીનિયરના નિર્ણય મુજબ ટેન્ડરની આઈટેમોના રેઈટ ઉપરથી નવા રેઈટ નકકી કરી પેમેન્ટ કરવાનુ રહેશે.

**(૩૪) કોન્ટ્રાકટ ટર્મીનેટ કરવા માટેઃ–**

કોઈપણ સમયે જો નગરપાલિકાના એન્જીનિયરને એવુ જણાશે કે કોન્ટ્રાકટરને આપેલ કામ યોગ્ય સમયે શરુ નથી થયુ અથવા તો કોન્ટ્રાકટરે લાવેલ માલ મટીરીયલ્સ અથવા તો તેની વર્કમેન શીપ સંતોષકારક નથી તો નગરપાલિકાને આ કોન્ટ્રાકટ ૭ દિવસ ની લેખિત નોટીસ આપીને ટર્મીનેટ કરવાનો અધિકાર છે અને બાકીનું કામ અન્ય કોન્ટ્રાકટર પાસે મુળ કોન્ટ્રાકટરના જોખમે અને જવાબદારીએ પુરુ કરવાનો અધિકાર છે આવી બાબતો માં નગરપાલીકાના નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.તદ ઉપરાંત કામ શરુ કર્યા પછી કોઈપણ સમયે કોઈપણ કારણો સર જો નગરપાલિકાના કારણોસર જો નગરપાલીકાને કોન્ટ્રાકટઅમાં દ ર્શાવેલ સમગ્રકામ અથવાતો તેનો કોઈભાગ કરવા ની જરૂર ન લાગે કે ઈચ્છાન થાયતો નગરપાલિકા કોન્ટ્રાકટરને લેખિતનોટીસ આ પીને કામ બંધ કરાવી શકશે જો નગરપાલિકા દ્વારા કોન્ટ્રેકટ ટર્મીનેટ કરવામાં આવે અથવાતો સમગ્ર કામ કે તેનોકોઈભાગ કેન્સલ કરવામાં આવેતો કોન્ટ્રાકટરને સમગ્ર કામ પૂર્ણ થયે થવો જોઈતો નફો કે લાભ કે આવુ કામ ન કરવાથીન થયુ તેબાબતનું કોઈપણ જા તનુ વળતર કે ચુકવણુ આપવામાં આવશે નહી આમ છંતા તે કોન્ટ્રાકટરે કરેલા ખરેખર કામના માપ મુજબ

નકકી કરેલ ભાવ પ્રમાણેનું પેમેન્ટ કરી આપવામાં આવશે.

**(૩૫) લવાદીઃ–**

આ કોન્ટ્રાકટમાં આવરી લેવાયેલ ટેન્ડરની શરતો અથવાતો એમાં કરાયેલ સુધારા વધારા કે ફેરફાર  માટે અથવાતો કોઈપણ બાબતે ઉભા થયેલા પ્રશ્નો વાંધાઓ કે મતભેદો નગરપાલિકા દ્વારા નકકી કરેલ કોઈ પણ વ્યકિતનો લવાદી દ્વારા નિકાલ કરવાનો  રહેશે આ લવાદી ઈન્ડીયન આર્બીટેશન એકટ ૧૯૪૦ પ્રમાણે આર્કીટેકટ સુચવે તે સ્થળે કરાશે. અને આવા લવાદનો ચુકાદો આ કોન્ટ્રાકટની બન્ને પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

**(૩૬) જયુરીડીકશનઃ–**

નગરપાલિકાની હેડ ઓફીસ જે શહેરમાં હોય તે સ્થળે આ કોન્ટ્રાકટ થયેલ ગણાશે અને તે શહેરની કોર્ટમાં જ બન્ને પાર્ટી વચ્ચેના વાંધાકે તકરારનો નિકાલ કરવાનો રહેશે.

**કોન્ટ્રાકટરની સહી**

**(નામ : ..................................................)**

| | |
|---|---|
| ચીફ ઓફીસર | પ્રમુખ |
| જસદણ નગરપાલીકા | જસદણ નગરપાલીકા |
| જસદણ | જસદણ |

# જસદણ નગરપાલિકા – જસદણ

**:::: કોન્ટ્રાકટની ખાસ શરતો ::::**

(૧) તમામ કામગીરી માર્ગ અને મકાન વિભાગ તથા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના જનરલ ટેકનીકલ સ્પેશીફીકેશન મુજબ કરવાની રહેશે.

(૨) તમામ કામગીરી માર્ગ અને મકાન વિભાગના જનરલ ટેકનીકલ સ્પેશીફીકેશન મુજબ કરવાની રહેશે. તેમજ કામમાં વાપરવાના થતા દરેક મટીરીયલ્સ જેવા કે, સીમેન્ટ, રેતી, કપચી, પાઈપ, ઈંટ વગેરે તમામ પ્રકારના મટીરીયલ્સ નગરપાલિકા પાસે એપ્રુવલ કરાવ્યા બાદ જ સપ્લાય કરવાના રહેશે. એપ્રુવલ મેળવ્યા વગર સપ્લાય કરેલ કોઈપણ મટીરીયલ્સ સપ્લાય કરવામાં આવશે કે વાપરવામાં આવશે તો તેનું ચુકવણું કરવામાં નહી આવે અને તેવા મટીરીયલ્સ પરત લઈ જવાની જવાબદારી એજન્સીની પોતાની રહેશે. ટેન્ડરમાં કોઈ આઈટમ સ્પેશીફિકેશન આપવામાં આવેલ ન હોય, તેવા સંજોગોમાં નગરપાલિકા દ્વારા જે સ્પેશીફાયકરવામાં આવે તે માન્ય રાખવાનું રહેશે.

(૩) સદરહું કામમાં એસ.બી.સી. એજન્સીને પોતાના ખર્ચે કરાવવાની રહેશે તેમજ એસ.બી.સી.ને અનુરૂપ સ્ટ્રકચરલ ડિઝાઈન, મીકસ ડિઝાઈન સરકાર માન્ય સરકાર માન્ય સ્ટ્રકચરલ એન્જીનીયર પાસે એજન્સીએ પોતાના ખર્ચે તૈયાર કરાવી નગરપાલિકાના માન્ય કન્સલટન્ટ એન્જીનિયર પાસે મંજુર કરાવવાની રહેશે. તેમજ કામમાં વાપરવાના થતા મટીરીયલ્સના તેમજ કયુબના ટેસ્ટીંગ નિયમોનુસાર'ગેરી'અથવા સરકાર માન્ય લેબોરેટરીમાં એજન્સીએ પોતાના ખર્ચે ટેસ્ટીંગ કરાવી રીપોર્ટ નગરપાલિકામાં રજુ કરવાના રહેશે. અને ટેસ્ટીંગના રીપોર્ટ **૨૦%** મુજબના ગેરીના અને **૮૦%** મુજબના સરકારમાન્ય લેબોરેટરીના રજુ કરવાના રહેશે.

(૪) કામના થતા બિલમાંથી પ્રવર્તમાન દર મુજબ ઈન્કમ ટેકક્ષ કપાત કરવામાં આવશે તથા **૨.૫૦%** મુજબ સિકયોરીટી ડીપોઝીટ તથા **૧%** મુજબ વેલ્ફર ફંડ કપાત કરવામાં આવશે. કામ મંજુર થયેલ **૨.૫૦%** મુજબ ડિપોઝીટ ભરવાની રહેશે. ભરેલ તથા કપાત કરેલ કુલ **૫.૦૦%** સિકયોરીટી ડિપોઝીટ કામ પુર્ણ થયે કમ્પલીશન સર્ટીફિકેટ મળ્યેથી **ત્રણ–વર્ષ** સુધી **જસદણ** નગરપાલિકામાં જમા રાખવાની રહેશે.અને ટેન્ડર મંજુર થયેથી **૫.૦૦%** મુજબ પરર્ફોમન્સ બોન્ડ ડિપોઝીટ એફ.ડી.આર./બેંક ગેરેન્ટી રૂપે જમા કરવાની રહેશે. જે રકમ સંપુર્ણ કામ પુર્ણ થાય અને ફાઈનલ બિલ ના પેમેન્ટ થયાબાદ કમ્પલીશન સર્ટીફિકેટ મળ્યાબાદ છુટી કરવામાં આવશે. તેમજ **ત્રણ–વર્ષ** બાદ સિકયોરીટી ડિપોઝીટ છુટી કરવાની થતી હોય જે દરમ્યાન એજન્સી દ્વારા બેંક ગેરેન્ટી રજુ કરવામાં આવશે, તો તે માન્ય રાખવામાં આવશે નહી. જેની એજન્સીએ ખાસ નોંધ લેવાની રહેશે.અને **૧.૦૦%** મુજબ થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન ચાર્જ રનીંગ/ ફાઈનલ બિલ માંથી કપાત કરવામાં આવશે.અને દરેક બિલ થયેલ કામના આઈટેમ રેઈટ મુજબની રકમના **૧૦૦%** રકમની ચુકવણી કરવામાં આવશે તેમજ દરેક રનીંગ/ફાઈનલ બિલમાંથી અગાઉ ચુકવેલ પેમેન્ટ બાદ કરવામાં આવશે.

(૫) આ કામ માટે એજન્સી દ્વારા સિકયોરીટી ડિપોઝીટ પેટે જો એફ.ડી.આર. નેશનલાઈઝ બેંક ની રજુ કરવામાં આવે તો કરારઆ કામની અંદાજીત કિંમતના **૫%** મુજબ આવતી રકમના **૪.૯૦%** મુજબ સ્ટેમ્પ પેપર વાપરવાનો રહેશે જયારે એજન્સી દ્વારા સિકયોરીટી ડિપોઝીટ પેટે બેંક ગેરંટી સરકાર માન્ય બેંક ની રજુ કરવામાં આવશે તો કરાર **રૂા. ૩૦૦/–** ના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવાનાં રહેશે.

(૬) ખોદાણકામ દરમ્યાન ટેલીફોનના કેબલ તેમજ નગરપાલિકાની પાઈપ લાઈન કે અન્ય કોઈપણ ઈસમોની નુકશાન ઈજારદારે સ્વખર્ચે ભોગવવાની રહેશે. અને તે અંગેના લીગલ બાબતની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૭) આ કામ કરતા કોઈપણ મજુર, કારીગર, સુપરવાઈઝર કે અન્ય વ્યકિતને ઈજા થાય અથવા તો મૃત્યુ પામે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.આ અંગેની અકસ્માત વીમાપોલીસી લેવાની જવાબદારી કોન્ટ્રાકરટશ્રીની રહેશે.

(૮) સદર કામમાં તમામ મટીરીયલ્સ આઈ.એસ.આઈ. બ્રાન્ડના વાપરવાના રહેશે. અને કામગીરી દમ્યાન ફકત આ સાથે સામેલ વેન્ડર લીસ્ટ મુજબની કંપનીના માલ–સામન સપ્લાય કરવાના રહેશે. અન્ય કંપનીનો માલ–સામાન માન્ય રાખવામાં આવશે નહી.

(૯) આ કામમાં તમામ પ્રકારનું કયોરીંગ એજન્સીએ કરી આપવાનું રહેશે.

(૧૦) સદર કામમાં સી.સી. કે આર.સી.સી. ભરાઈમાં વાઈબ્રેટર વાપરવાનું રહેશે. અથવા નગરપાલિકાની સુચના મુજબની મશીનરી વાપરવાની રહેશે.

(૧૧) **સી.સી. કે આર.સી.સી.રોડના કામમાં ટ્રી–મીકસનો વપરાશ કરવાનો રહેશે. તેમજ એમ.–૨૦૦માં ફાઈનલ સી.સી વર્ક મીકસ ડિઝાઈન ૭.૨૦ પર ઘન મીટર આઈ.એસ કોડ મુજબ કરાવી કરવવાનું રહેશે આ આર.સી.સી. ફલોરીંગમાં સાથો સાથ ગૃવ મુકવાની રહેશે અને તેમાં સાથો સાથ ડામર શીટ મુકવાની રહેશે તેમજ ૧૫–દિવસ કયારા બનાવી કયોરીંગ કરવાનું રહેશે. આ વિગત જાણી એજન્સીએ ભાવ ભરવાના રહેશે.**

(૧૨) **સદરહું ટેન્ડરમાં શેડયુલ–બીમાં જણાવ્યા મુજબનું એમ–૨૦૦ની સી.સી. આઈટમાં કોક્રીટમાં કેમીકલ ૧.૫૦ કિ.ગ્રામ પ્રતિ સિમેન્ટ બેગે વાપવાનું રહેશે. આ વિગત જાણી એજન્સીએ ભાવ ભરવાના રહેશે.**

(૧૩) કોન્ટ્રાકટરશ્રીએ પોતાના સ્વખર્ચે આ કામમાં વપરાશમાં લેવાના **સી.સી.એમ–૨૦૦** કોક્રીટની આઈ.એસ. સ્ટાન્ડર્ડ પ્રમાણે કોન્ક્રીટ મીક્ષ ડીઝાઈન તૈયાર કરાવવાની રહેશે અને તે મુજબ કોન્ક્રીટ વપરાશ કરવાના રહેશે.

(૧૪) સદરહું કામના સી.સી. રોડ કે આર.સી.સી. રોડમાં નગરપાલિકા અથવા નગરપાલિકાના નિયુકત પી.એમ.સી.એજન્સીના અધિકૃત એન્જીનિયરશ્રીની સુચના મુજબ કોન્ટ્રેકશન જોઈન્ટ માટે નિયમાનુસાર હોરીઝોન્ટલ અને વર્ટીકલ ગ્રુવ રાખવાની રહેશે. તેમજ કોન્ટ્રેકશન જોઈન્ટનું ફીલીંગ આસ્ફાલ્ટથી કરવાના રહેશે.

(૧૫) સદરહું ટ્રી–મીકસ સી.સી. અને આર.સી.સી. રોડના કામમાં વપરાશમાં લેવાતા સિમેન્ટ કોન્ક્રીટ **એમ–૨૦૦**માં પ્રત્યેક **૨૦૦ ઘ.મી.**ના જથ્થાએ એક સ્થળે નગરપાલિકાની સુચના મુજબ સ્થળ સ્થિતીના પંચ રોજકામ કર્યાબાદ કોર ટેસ્ટીંગ કોન્ટ્રાકટરશ્રીએ પોતાના ખર્ચે કરી આપવાના રહેશે, અને આ ટેસ્ટના સફળતા પૂર્વકના ટેસ્ટીંગ રીઝલ્ટ મળ્યા બાદ એજન્સીનું બિલ ચુકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અન્યથા જો રીઝલ્ટ ફેઈલ થાય તો કોન્ક્રીટના **૨૦૦ ઘ.મી** ના કોઈપણ પ્રકારના પેમેન્ટ/બીલ ચુકવવાના રહેશે નહી. અને કરેલ કોન્ક્રીટના સ્થળે ફરી વખત **એમ–૨૦૦** કોન્ક્રીટ વિનામુલ્યે કરી આપવાના રહેશે.

(૧૬) **જસદણ** નગરપાલિકા/સરકારશ્રી નિયુકત થર્ડ પાર્ટી ઈન્સપેકશન કરનારી એજન્સીના એન્જીનિયરશ્રી મારફત સ્થળ પર સીમેન્ટ કોન્ક્રીટ **એમ–૨૦૦**ના કયુબ ટસ્ટીંગ **(૭–દિવસ અને ૨૮–દિવસ સ્ટ્રેન્થ)** કરવામાં આવશે અને તે રીઝલ્ટ સફળ થશે તો અને તોજ પેમેન્ટ ચુકવવામાં આવશે. આ ઉપરાંત સ્થળપર કોન્ક્રીટને લગત અન્ય ટેસ્ટપણ કરવા માં આવશે.

(૧૭) સદરહું કામમાં ઉપયોગમાં લેવાનાર ટોટલ એગ્રીગેટ**(૧૨ થી ૨૦એમએમ સાઈઝ)**મેટલ અને **૪૦એમએમ** સાઈઝની મેટલ **જસદણ** નગરપાલિકા અથવા પી.એમ.સી.એ એપ્રુવ્ડ કાર્યાબાદ જ વપરાશમાં લેવાની રહેશે તેમ છતાં આ મેટલ કોઈપણ સંજોગોમાં ફલેકી અથવા પાલો કરેલી(મીક્ષીંગ વાળી) મેટલ ઉપયોગ કરવા દેવામાં આવશે નહી.

(૧૮) પેવિંગ બ્લોકના કામમાં **જસદણ** નગરપાલિકાના કન્સલટીંગ એન્જીનિયરની સુચના મુજબ એજન્સીએ નગરપાલિકા હદ વિસ્તારમાં પ્લાન્ટ નાંખી અથવા લોકલ સારા મેન્યુફેકચર પાસે રબ્બર મોલ્ડ પેવર બ્લોક **૬૦એમએમ** જાડાઈના **એમ–૩૦૦** ગ્રેડમાંબનાવવાના રહેશે લાઈટ અને પાણીની વ્યવસ્થા એજન્સીએ પોતાના ખર્ચે કરવાની રહેશે. તેમજ જરૂરી લેબોરેટરી સાઈટ ઉપર કવોલીટી તેમજ સ્ટ્રેન્થ ચેક કરવા ઉપલબ્ધ કરાવવાનું રહેશે.

(૧૯) સીમેન્ટ, પાઈપ, લાઈટ અને સ્ટીલના રજીસ્ટર અલગથી નિભાવવાના રહેશે તથા પ્રત્યેક રનીંગબીલ સાથે સીમેન્ટ, લાઈટ, પાઈપ અને સ્ટીલના પાકા બીલો રજુ કરવાના રહેશે.

(૨૦) સદરહું ટેન્ડર કામગીરીને લગતા તમામ પ્રકારાના જેમ કે, સિમેન્ટ, મીક્ષ ડીઝાઈન, સ્ટીલ ડિઝાઈન, કયુબ ટેસ્ટીંગ, મટીરીયલ્સના વિગેરે રજીસ્ટર એજન્સીએ પોતાનો એન્જીનિયર/સુપરવાઈઝર રાખીને નિભાવાના રહેશે. તથા રનીંગ/ફાઈનલ બિલ સાથે રજુ કરવાના રહેશે ત્યારબાદ બિલની આગળની કાર્યવાહી કરવાની રહેશે.જેની એજન્સીએ ખાસ નોંધ લેવાની રહેશે.

(૨૧) સીમેન્ટ વપરાશની આઈટમની બાબતમાં ઓછામાં ઓછું ૧૫–દિવસ વોટર કયુરીંગ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૨૨) **જસદણ** નગરપાલિકાની સુચના મુજબની સીમેન્ટ બેગ, લાઈટ, બ્લોક, બેંન્ચ અને સ્ટીલ વપરાશ કરવાની રહેશે. આ બાબતે કોઈ તકદાર કરવાની રહેશે નહી.

(૨૩) જો **જસદણ** નગરપાલિકા તરફથી પાણી આપવામાં આવે તો પાણીની વપરાશની આઈટમની કિંમતના **૧%** મુજબ વોટર ચાર્જ કપાત કરવામાં આવશે.

(૨૪) કોન્ક્રીટ કે મોર્ટર બનાવવામાં વપરાશમાં લેનાર રેતી,કપચી/મેટલ માટે તગારા ઉપયોગમાં લઈ શકાશે નહી તેને બદલે નિયત માપ સાઈઝના હેન્ડલવાળા બોક્ષના ઉપયોગ કરવાના રહેશે. અથવા વેબેચર પ્લાન્ટના વજન મુજબ રેતી, કાંકરી કે કપચી વપરાશ કરવાના રહેશે.

(૨૫) ચાલુ કામ દરમ્યાન ફોટોગ્રાફસ લેવાના રહેશે અને સિમેન્ટ, પાઈપ, લાઈટ, પેવિંગ બ્લોક, બેંન્ચ અને સ્ટીલના વપરાશ ના ફોટોગ્રાફસ ખાસ અલગથી રજુ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૨૬) સદરહું કામમાં કોઈપણ મટીરયલ્સ સપ્લાય કર્યાપહેલા સ્થળની પુરી તપાસ કરીને વ્યવસ્થા વિગેરેની સંપૂર્ણ જાણકારી મેળવેલ છે તેમ માનવામાં આવશે. સાઈટકન્ડીશનને કારણે ઉદભવેલા કોઈપણ દાવાને ધ્યાનમાં લેવામાં નહી આવે.

(૨૭) તમામ કામગીરી **જસદણ** નગરપાલિકાના અધિકૃત સુપરવાઈઝર/કન્સલટન્ટશ્રીના અધિકૃત સુપરવાઈઝરશ્રી અથવા પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્સી એજન્સીના અધિકૃત સુપરવાઈઝરશ્રી/એન્જીનિયરશ્રીનીહાજરીમાં જ તમામ કામગીરી કરવાની રહેશે. સુપરવીઝન/સુપરવાઈઝર વગર કરેલ કામનું પેમેન્ટ ચુકવવા પાત્ર થશે નહી.

(૨૮) નગરપાલિકાના પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્સીના અધિકૃત સુપરવાઈઝરશ્રી/એન્જીનિયરશ્રીને સાઈટ પર એ મુજબ જણાય કે કામમાં માલ–સામાનમાં સ્પેશીફિકેશન વિરૂધ્ધ કઈક થઈ રહેલ છે તે સંજોગોમાં ચાલુ કામ તાત્કાલીક અસરથી સ્ટોપ/બંધ કરાવી શકશે આ અંગે કોઈ વિવાદ કરવાના રહેશે નહી.

(૨૯) દરેક રનીંગ/ફાઈનલ બીલના માપો કોન્ટ્રાકટરશ્રીએ **જસદણ** નગરપાલિકામાં રજુ કરવાના રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ પણ જાણકારી ધરાવતા હોવા જોઈએ કે ખોટા માપો સબમીટ કરવા અને તેના બીલ **જસદણ** નગરપાલિકા માંથી લેવા/ચુકવવા તે એક પ્રકારની આર્થીક ઉચાયત ગણાશે અને તે બદલ ફોઝદારી ધારા હેઠળ ફરીયાદ કોન્ટ્રાકટરશ્રી પર કરવા માં આવે તો તે અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૩૦) કામગીરીના રનીંગ બીલ કે ફાઈનલબીલના મેઝરમેન્ટ સાથેના એબસ્ટ્રેકટ શીટ સાથેના બીલ તૈયાર કરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. અને તેની સકાસણી **જસદણ** નગરપાલિકા કરી શકશે પરતુ માપ અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૩૧) કોઈપણ કામના ફાઈનલ બિલ સાથે કામ દીઠ, આઈટેમ દીઠ એકસેસ સેવીંગ સ્ટેટમેન્ટ બીનચુક તૈયાર કરવાના રહેશે. વધારા–ઘટાડાના ખર્ચના અહેવાલ સક્ષમ ઓથોરીટી દ્વારા મંજુર કરવામાં આવ્યા બાદ ફાઈનલ બીલના પેમેન્ટ ચુકવવા ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૩૨) કોઈપણ ગ્રાંટ/અનુદાન હેઠળના કામોના બિલ ગ્રાંટ/અનુદાનની રકમની મર્યાદામાં જ ચુકવવામાં આવશે. વધારાના ખર્ચ સક્ષમ ઓથોરીટી દ્વારા મંજુર કર્યાબાદ ચુકવવામાં આવશે.

(૩૩) સરકારશ્રી અનુદાન/ગ્રાંટ હેઠળના તમામ કામોમાં સરકારશ્રી નિયુકત/નગરપાલિકા નિયુકત થર્ડપાર્ટી ઈન્સપેકશન એજન્સી પાસે થર્ડપાર્ટી ઈન્સપેકશન કરાવવામાં આવશે અને તેના રીપોર્ટ નગરપાલિકાને મળ્યાબાદ રનીંગ બીલ/ફાઈનલ બિલના પેમેન્ટના ચુકવણા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ થર્ડ પાર્ટી કરવારવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૩૪) કામપુર્ણ થયાબાદ ભવિષ્યમાં પુર્ણ થયેલ કામ બાબતે આર્થિક રકમની રીકવરીના પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. અને આર્થિક રીકવરીની રકમ હેવન્યુ રાહે **જસદણ** નગરપાલિકા વસુલી શકશે.

(૩૫) કામગીરીની દરેક સાઈટ પર નિયત લખાણ સાથેના, વિયતો સાથેના બોર્ડ સાઈટ પર મુકવાના રહેશે. સાઈટ પર સલામતી સુચક બોર્ડ, નિયત રીબીન, અન્ય આડશ મુકવા વિગેરે અંગની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે તેમ છતા અકસ્માત થાય કે પોલીસ ફરીયાદના પ્રસંગમાં **જસદણ** નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૩૬) કામ દરમ્યાન બાયપાસ રસ્તા અંગેની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૩૭) **આ કામગીરીમાં ખોદાણ દરમ્યાન હયાત ભુર્ગભ ગટરની પાઈપ લાઈન, મેનહોલ ચેમ્બર, હાઉસ કનેકશન ચેમ્બર, ગટરની હાઉસ કનેકશનની પાઈપ લાઈન, પાણીની હાઉ કનેકશનની પાઈપ લાઈન, પાણીની પાઈપ લાઈન, ઈલેકટ્રીક લાઈન, ટેલીફોન લાઈન, વગેરે નુકશાન કે નાશ થાય તે સમગ્ર કામગીરી એજન્સીએ(કોન્ટ્રાકટરે) માલ–સામાન તથા મજુરી સહિત રીપેરીંગ કરી વ્યવસ્થિત કરી આપવાનું રહેશે. એજન્સીએ જેની ખાસ નોંધ લેવાની રહેશે અને આ વિગત ધ્યાને લઈ એજન્સીએ ભાવ ભરવાના રહેશે.**

(૩૮) **સદરહું કામમાં મંજુર થયેલ ટેન્ડરની કિંમત મુજબ ડિપોઝીટ ભરીને એગ્રીમેન્ટ કરવામાં આવશે. પરંતુ ગ્રાંટની ઉપલબ્ધતા મુજબ વર્ક ઓર્ડર આપવામાં આવશે. તદ ઉપરાંત આ ટેન્ડરની કિંમત મુજબનું કામ કરાવવુ કે તેના થી ઓછી કિંમતનું કામ કરાવવુ તે ગ્રાંટની ઉપલબ્ધતા મુજબ હોય જેથી નગરપાલિકા તરફ થી જે નિર્ણય કરવામાં આવશે તે એજન્સી (કોન્ટ્રાકટરશ્રી) તે માન્ય રાખવાનો રહશે. આ બાબતે એજન્સીએ વિવાદ કે કોર્ટ કચેરીમાં જઈ શકશે નહી તે ધ્યાને લઈ ટેન્ડર ભરવાનું રહેશે.**

(૩૯) **તમામ કામગીરી દરમ્યાન બન્ને બાજુ હયાત ઓટા કે અન્ય પાકા બાંધકામ તોડવાના થાય તો તેના ભાવ એજન્સી દ્વારા ભરેલ શેડયુલ–બીમાં બોકસ કર્ટીગ/એકશેવેશનની આઈટમ મુજબ ચુકવવામાં આવશે. એજન્સીએ જેની ખાસ નોંધ લેવાની રહેશે અને આ વિગત ધ્યાને લઈ એજન્સીએ ભાવ ભરવાના રહેશે.**

(૪૦) સદરહુ કામમાં સી.સી. અને આર.સી.સી. રોડની કામગીરીમાં **એમ–૨૦૦** સી.સી. વર્કનું મેઝરમેન્ટ ઓન–સાઈટ પર થયેલ કામગીરીના માપ–સાઈઝ નગરપાલિકાના અને કન્સલટન્સી અધિકુત સુપરવાઝરશ્રી/એન્જીનિયરશ્રી દ્વારા લેવા માં આવશે માપ–સાઈઝ લેતી વખતે એજન્સીના અધિકૃત સુપરવાઝરશ્રી/એન્જીનિયરશ્રીએ સાથે રહી માપ–સાઈઝ લેવાના રહેશે. અને તેજ માન્ય રહેશે અને એજન્સીનું રનીંગ/ફાઈનલ બિલનું ચુંકવણુ તે પ્રમાણે કરવામાં આવશે. મીલીરમાં સી.સી.નો માલ આવેલ માપ–સાઈઝ માન્ય રહેશે નહી. જેની એજન્સીએ ખાસ નોંધ લેવાની રહેશે. આ અંગે કોઈ વિવાદ કરવાના રહેશે નહી.

(૪૧) **સ્પેશ્યલ શરત :** ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી તરફથી **૧લી જુલાઈ–૨૦૧૭** થી તમામ પ્રકારનાં વેપાર ધંધા/સર્વિસ સેકટર, સપ્લાયર્સ, કોન્ટ્રાકટરશ્રી ઉપર ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષનું (GST) ભારણ નાંખેલ છે જેમા ગુજરાત સરકાર નાણા વિભાગ પરિપત્ર ક્રમાંક જીએસટી/૧૦૧૭/૧૦૯૭/જીએસટી સેલ સચિવાલય ગાંધીનગર, તારીખ ૧૫/૦૯/૨૦૧૮ના પરિપત્ર મુજબ **૧ ઓકટોમ્બર ૨૦૧૮** થી ટેન્ડર ભરનાર કોન્ટ્રાકટરશ્રીના કામના રનીંગ/ફાઈનલ બિલમાંથી એસજીએસટી **૧%** અને સીજીએસટી **૧%** આમ કપાત કુલ **૨.૦૦%** મુજબની રકમ કપાત કરવાનું લાગુ કરવામાં આવેલ હોય જેથી નગરપાલિકા દ્વારા કોન્ટ્રાકટરશ્રીના કામના બનતા રનીગ/ફાઈનલ માંથી **૨.૦૦%** મુજબની રકમ કપાત કરવામાં આવશે. જેથી એજન્સીશ્રીએ આ બાબતને ધ્યાને લઈ ટેન્ડર ભરવાનું રહેશે. આ બાબતે ભવિષ્યની લાયેબીલીટી વિગેરે અંગેની સઘળી જવાબદારી કામ રાખનાર કોન્ટ્રાકટરશ્રીની રહેશે અને આ અંગેનું પાલન કોન્ટ્રાકટર શ્રીએ અથવા તેના વંશ–વારસોને કબુલ મંજુર, બંધનકર્તા રહેશે. અમારૂ ઉપરોકત વિગતવાળું કામપૂર્ણ થાય, ફાઈનલ

બીલ, સિકયોરીટી ડીપોઝીટ રીલીઝ થઇ જાય ત્યારબાદ પણ ભવિષ્યમાં આ પ્રકારનાં અથવા સરકારશ્રી સુચવે તે મુજબનાં ટેક્ષભરવાના સંજોગોમાં અમારે કામ રાખનાર સંસ્થામાં અથવા સંસ્થા સુચવે તે સરકારશ્રીનાં વિભાગમાં આ પ્રકારનાં કરવેરા ભરવા અંગેની સઘળી જવાબદારી આ કામ રાખનાર કોન્ટ્રાકટરશ્રી રહેશે.

(૪૨) આ કામમાં વાપરવાનો જે માલ–સામાન બહારથી લાવામાં આવે તેની ધોરણસરની રોયલ્ટી ભરપાઈ કરીને ત્યારબાદ તે માલ–સામાન સાઈટ ઉપર લાવવાનો રહેશે. રોયલ્ટીની રકમ ભરપાય કરેલ હોય તેની પાવતી રનીંગ/ફાઈન બિલ દરમ્યાન કોન્ટ્રાકટરશ્રીએ રજુ કરવાની રહેશે. આમ રોયટલ્ટી ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૪૩) એમ્પલોયમેન્ટ પ્રોવીડન્ટ ફંડ અકેટ હેઠળ કોન્ટ્રાકટ કામમાં રોકાયેલ કર્મીઓના માસીક ધોરણે એમ્પલોયમેન પ્રોવીડન્ટ ફંડ નિયમીત પણે ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. આ ઉપરાંત કોન્ટ્રાકટરશ્રીને જે રકમના કોન્ટ્રાકટ **જસદણ** નગરપાલિકા તરફ થી સોંપવામાં આવેલ હોય તેના અંદાજીત **૨૦ થી ૩૦%** લેબર ખર્ચ મુજબ ગણતરી કરવામાં આવશે અને તે લેબર ખર્ચના **૧૨%** ઈપીએફ ભરવાની જવાબદારી જે તે કર્મીની રહે છે અને બાકીના **૧૨%** ઈપીએફ ભરવાની જવાબદારી જે તે કોન્ટ્રાકટરશ્રીની રહેશે અને તે ઈપીએફ રકમ ઓનલાઈન પેમેન્ટ ભરપાઈ કર્યાના ચલણ માસીક **તા. ૧૫** પહેલા **જસદણ** નગરપાલિકામાં રજુ કરવાના રહેશે તથા ચલણની સાથો–સાથ કર્મીઓના હાજરીપત્રકની ખરી નકલ, પેમેન્ટ ચુકવાની કેશબુક–ચેકાનંબર, વાઉચર, બેલેન્સ સીટ, ફોર્મનં. ૨૬ તથા ફોમનં. ૨૬ (સી) (ટીડીએસ) રજુ કરવાના રહેશે આ ઉપરાંત કોન્ટ્રાકટરશ્રીએ આ અંગેની તમામ ડોકયુમેન્ટસ દરેક રનીંગબીલ/ફાઈનલ બીલ સાથે જોડવાના રહેશે અને ત્યારબાદ કોન્ટ્રાકટરશ્રીના પેમેન્ટ ચુકવવામાં આવશે. તથા સરકારશ્રીના વખતો–વખતના ઠરાવો–પરીપત્રોના ચુસ્ત પણે કોન્ટ્રાકરશ્રીએ પાલન કરવાના રહેશે.

(૪૪) સદરહું કામમાં ફાઈનલ બિલ બનાવતા પહેલા જરૂરી રોયલ્ટી માટે ખાણ ખનીજ વિભાગનું ના વાંધા પ્રમાણપત્ર સિમેન્ટના પાકા બિલો, તેમજ માલ–સામાન, અને કયુબ ટેસ્ટીંગ માટેના એજન્સીએ જે ગર્વમેન્ટ માન્ય લેબોરેટરીમાં પરીક્ષણ કરાવેલ હોય તે લેબોરેટરીને ફી ચુકવેલ હોય તે ફીના બિલ ૧% મુજબ ટેન્ડરની અંદાજીત રકમના રજુ કરવાના રહેશે.

(૪૫) સદરહું ટેન્ડર ભરનાર એજન્સી પાસે જી.એસ.ટી. અને પી.એફ ભરવાની જવાબદારી એજન્સીની રહેશે. સબંધીત કચેરી દ્વારા આ બાબતે કોઈ પશ્ન ઉપસ્થીત થશે તો જવાબદારી સબંધીત એજન્સીની રહેશે.

(૪૬) સદરહું કામમાં એજન્સીએ કામ શરૂ કર્યા પહેલા હૈયાત સ્થળ સ્થિતીના ફોટોગ્રાફસ અને કામ પુર્ણ થયા બાદના ફોટોગ્રાફસ રનીંગ/ફાઈનલ બિલ રજુ કરતી વખતે સાથે (હાર્ડ કોપી અને સોફટ કોપી) પાંચ નકલમાં કોન્ટ્રાકટરશ્રીએ **જસદણ** નગરપાલિકામાં સબમીટ કરવાના રહેશે.

(૪૭) **જસદણ** નગરપાલિકામાં કોન્ટ્રાકટરશ્રીને સોંપવામાં આવેલ કામગીરીના અમલીકરણ દરમ્યાન, સ્થળ,સ્થિતી, સંજોગો, કામની જરૂરીયાત મુજબ અંદાજીતમાં ન હોય તેવી કોઈપણ આઈટેમના અમલીકરણના સંજોગોમાં નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી અને પ્રમુખશ્રી/કારોબારીના ઠરાવ/સામાન્ય સભાના ઠરાવ સાથે મંજુરી મેળવી લીધા બાદ લેખીતમાં પત્ર મળ્યાબાદ આ એકષ્ટ્રા/વધારાની આઈટેમના અમલીકરણ કરવાના રહેશે અને તેના પેમેન્ટ ફાયનલ બીલમાં રીલીઝ કરવામાં આવશે.

(૪૮) **જસદણ** નગરપાલિકામાં સ્થળ–સ્થિતી સંજોગો કામની જરૂરીયાત તથા લોક માંગણી/સદસ્યશ્રીઓની માંગણી મુજબ કામના અંદાજીત ખર્ચમાં અંદાજીત રકમના ૧૦% રકમ સુધીનો વધારો કરી શકાશે અને જો ૧૦% વધારે કામગીરી કરાવવાના સંજોગોમાં રીવાઈઝડ અંદાઝ તૈયાર કરી, રીવાઇઝડ તાંત્રિક મંજુરી મેળવી, નગરપાલિકા લેવલે/અક્ષમ લેવલે રીવાઈઝડ મંજુરી મેળવ્યા બાદ તેના પત્ર રજુ થયેથી બીલ તૈયાર કરવામાં આવશે.

(૪૯) સદરહું ટેન્ડરમાં લીધેલ તમામ પ્રકારના કામોમાં સરકારશ્રી માંથી હપ્તા પ્રમાણે ગ્રાંટ મળવાપાત્ર હોય જેથી જે હપ્તાની ગ્રાંટ ઉપલબ્ધ હશે તેજ પ્રમાણે બિલોનું ચુકવણુ કરવામાં આવશે, જો સરકારશ્રી દ્વારા હપ્તા ફાળવણીમાં વિલંબ થાય તો એજન્સીના થયેલ કામના રનીંગ/ફાઈનલ બિલો ચુકવવામાં વિલંધ થાય તો તે બાબતે એજન્સીએ કોઈપણ પ્રકારનો વિવાદ કે કોર્ટ–કચેરી કે અન્ય પ્રકારની કાર્યવાહી કરી શકશે નહી, જેની એજન્સીએ ખાસ નોંધ લેવાની રહેશે.

(૫૦) સદરહું ટેન્ડરમાં સી.સી. કે આર.સી.સી. અને બિલ્ડીંગના કામમાં કવોલીટી બાબતનો પ્રશ્ન ઉપસ્થીત થશે કે કન્સલટન્ટ કે નગરપાલિકાના એન્જીનિયરને જરૂર જણાશે તો તે જેતે સી.સી. કે સી.સી. કોન્ક્રીટના કોર કટીંગ કરાવી સરકાર માન્ય લેબોરેટરીમાં જરૂરી થીકનેશ તેમજ સ્ટ્રેન્થની ચકાસણી કરાવવામાં આવશે. તેમજ પેવિંગ બ્લોકમાં થયેલ રસ્તા વાઇઝ કામમાં દરેક રોડ માંથી પેવિંગ બ્લોકનું સેમ્પલ લઈ સરકાર માન્ય લેબોરેટરીમાં જરૂરી થીકનેશ તેમજ સ્ટ્રેન્થની ચકાસણી કરાવવામાં આવશે.જો આ બાબતની ચકાસણી કરતા થીકનેશ તેમજ સ્ટ્રેન્થ યોગ્ય લાગશે તોજ એજન્સીનું રનીંગ/ફાઈનલ બિલ બનાવવા કે ચુકવવામાં આવશે. જેની એજન્સીએ ગંભીર નોંધ લેવાની રહેશે અને આ બાબતને જરૂરથી ધ્યાને રાખી એજન્સીએ ભાવો ભરવાના રહેશે. આ અંગે કોઈ વિવાદ કરવાના રહેશે નહી.

**(૫૧) સદરહું ટેન્ડરમાં તમામ શેડયુલ–બીમાં એસ.ઓ.આર. ભાવ જી.એસ.ટી. વગરના હોય જેથી કામગીરીના બનતા રનીંગ/ફાઈનલ બીલમાં પ્રવર્તમાન દર મુજબનો ઉમેરો કરી નગરપાલિકા દ્વારા એજન્સીને બીલનું ચુકવણું કરવામાં આવશે. તેમજ જી.એસ.ટી અંગેની જવાબદારી એજન્સીની રહેશે. જેની એજન્સીએ ખાસનોંધ**

**લેવાની રહેશે.**

(૫૨) ઉપરોકત કામોમાં શરતી ટેન્ડર સ્વિકાર્ય રહેશે નહિં.

(૫૩) સદર કામ અંગેના તમામ હકક નગરપાલિકાને અબાધિત છે.

(૫૪) વહીવટી મંજુરીમાં આપેલ શરતો મુજબ કરારની તેમજ ખાસ શરતોમાં ફેરફાર કરવાની જરૂર જણાયતો ફેરફાર કરવાનો હકક **જસદણ** નગરપાલિકાને રહેશે.

**કોન્ટ્રાકટરની સહી**
**(નામ : ..................................................)**

**ચીફ ઓફીસર**
**જસદણ નગરપાલીકા**

**પ્રમુખ**
**જસદણ નગરપાલીકા**

## :: ખાસ સુચના ::

(૧) અનુભવના પ્રમાણપત્ર ફોર્મ ૩–એ ફકત માંગ્યા મુજબના કામો છેલ્લા **સાત–વર્ષ**માં પુર્ણ કરેલા કામના જ માન્ય રાખવામાં આવશે. ફોર્મ ૩–એ નમુના સિવાયના અનુભવના પ્રમાણપત્ર માન્ય રાખવામાં નહી આવે.

(૨) **ફકત સ્કોપપ–૧માં પારાનં.૪માં જણાવ્યા મુજબ અનુભવન પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે. અનુભવના પુર્ણ કરેલ કે ચાલુ કામના ૩–એ સર્ટીફિકેટમાં જોઈન્ટ વેન્ચુચર વાળા ૩–એ સર્ટીફિકેટ માન્ય રહેશે નહી, માગ્યા મુજબની એજન્સીમાં કોઈ એજન્સી સાથે જોઈન્ટ વેન્ચુચર કરી ભાવો ભરેલ હશે તો તે માન્ય રાખવામાં નહી આવે અને કામ પુર્ણ કર્યાના ૩–એ સર્ટીફિકેટમાં નીચે અપટુ રર્નીગ બિલ દર્શાવેલ ૩–એ સર્ટીફિકેટ ગ્રાહય રાખવામાં આવશે નહી. તેમજ વાર્ષીક રેઈટ કોન્ટ્રાકટના વર્ક ઓર્ડર અને તેના સંયુકત આપેલ ૩–એ કમ્પલીશન સર્ટીફિકેટ માન્ય રાખવામાં આવશે નહી.**

(૩) અનુભવના પુર્ણ કરેલ કમ્પલીશન સર્ટીફિકેટમાં ટાઈમ લીમીટ એકટેન્શન કરી કામ પુર્ણ કરેલ હશે તો ઈસ્યુકરનાર સંસ્થા પાસે થી સંબધિત એજન્સીની કામગીરી તેની વર્તણક અને તેના વ્યવહાર બાબતની લેખીત ખરાઈ કરી તેમને કવોલીફાય કરવા ન કરવા તે બાબતે નગરપાલિકાને આબાધિત અધિકાર રહેશે.

(૪) પેટા કોન્ટ્રાકટમાં કરેલ કામોના અનુભવ માન્ય રાખવામાં નહી આવે. પેટા કોન્ટ્રાકટમાં ટી.ડી.એસ. કપાત કરેલ અનુભવના પ્રમાણપત્ર કે જે ૩–એ ફોર્મમાં હોય તો તે પણ માન્ય રાખવામાં નહી આવે.

(૫) અનુભવના પ્રમાણપત્રો ફકત સરકારી કે અર્ધ સરકારી સંસ્થાના જ માન્ય રાખવામાં આવશે. તેમાં પણ કોઈ કામ સંયુકત હોય તો ટેન્ડરમાં માગ્યા મુજબ પ્રમાણપત્રો કામની કિમત ૩–એ ફોર્મમાં અલગ બતાવેલ હશે તેટલા જ ૩–એ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

(૬) માંગવામાં આવેલ તમામ ડોકયુમેન્ટનું ફકત ઓનલાઈન સબમીશન કરવું ફરજીયાત રહેશે, અને ફીઝીકલ સબમીશન કવરમાં ફકત ઈ.એમ.ડી અને ટેન્ડર ફી ઓરીજનલ રજુ કરવું ફરજીયાત રહેશે. જેના આધારે ઓનલાઈન ડોકયુમેન્ટની ચકાસણી કરવામાં આવશે તેમજ ઓનલાઈન અધુરા ડોકયુમેન્ટ વાળા ટેન્ડરો રદ થવા પાત્ર રહેશે. તેમજ ફીઝીકલ સબમીશન કવરમાં ઈ.એમ.ડી અને ટેન્ડર ફી સિવાય અન્ય ડોકયુમેન્ટ રજુ કરેલ હશે તે માન્ય રાખવામાં આવશે નહી, અન્ય તમામ ડોકયુમેન્ટ ફકત ઓનલાઈન સબમીશન માન્ય રાખવામાં આવશે. જેની એજન્સીએ ખાસ નોંધ લેવાની રહેશે.

(૭) માંગવામાં આવેલ તમામ ડોકયુમેન્ટ તેમજ ટેન્ડર ફી માટેનો ડિમાન્ડ ડ્રાફટ અને અર્નેસ્ટમની ડિપોઝીટ માટેની રીસીપ્ટ સ્કેન કરી ઓનલાઈન સબમીશન ફરજીયાત કરવાનું રહેશે. કવર ઉપર કામનું નામ, ટેન્ડર આઈ.ડી અને આઈ.એફ.બી નંબર/ટેન્ડર નોટીસ નંબર એજન્સીએ ફરજીયાત લખવાનું રહેશે. તેમજ નિયત સમય–મર્યાદા બાદ આવેલ ફીઝીકલ સબમીશન કવરો ધ્યાને લેવામાં નહીં આવે. અને તે કવર નગરપાલિકા દ્વારા એજન્સીને પરત મોકલવામાં આવશે. જેની એજન્સીએ ખાસ નોંધ લેવાની રહેશે.

(૮) આ કામ માટે એજન્સી દ્વારા સિકયોરીટી ડિપોઝીટ પેટે જો એફ.ડી.આર. નેશનલાઈઝ બેંક ની રજુ કરવામાં આવેતો કરાર આ કામની અંદાજીત કિંમતના **૫%** મુજબ આવતી રકમના **૪.૯૦%** મુજબ સ્ટેમ્પ પેપર વાપરવાનો રહેશે.જયારે એજન્સી દ્વારા સિકયોરીટી ડિપોઝીટ પેટે બેંક ગેરંટી સરકાર માન્ય બેંક ની રજુ કરવામાં આવશે તો કરાર **રૂા. ૩૦૦/–** ના સ્ટેમ્પ પેપર ઉપર કરવાનાં રહેશે.

(૯) માંગવામાં આવેલ શ્રેણી મુજબના રજીસ્ટ્રેશનની તારીખ પુર્ણ થઈ ગયેલ હોય અને રીન્યુઅલ માટે આપેલ હોય, તેવા કિસ્સામાં રીન્યુઅલ માટે કરેલ અરજીની નકલ તથા રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ રજુ કરવામાં આવેલ હશે તો તે માન્ય રાખવામાં નહી આવે સરકારશ્રીના નવા પરીપત્ર મુજબ**"કલાસ–ઈ–૧'** રજીસ્ટ્રેશન ધરાવતી એજન્સીજો ભાવ ભરે તો તે નવા પરીપત્ર મુજબની બેંક સોલવંશી અને નર્મદા બોન્ડ કઢાવેલ હશે તેજ માન્ય રાખવામાં આવશે જુના પરીપત્ર મુજબની બેંક સોલવંશી અને નર્મદા બોન્ડ રજુ કરનાર એજન્સી ગ્રાહય રાખવામાં નહી આવે અને તેના ભાવ ખોલવામાં નહી આવે. અને ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ પરીપત્ર ક્રમાંક ટીએનસી–૧૦–૨૦૧૬–(FA-591-16)–૦૨–સી, તા. ૦૩/૦૯/૨૦૧૬ મુજબ ટેન્ડર ખોલવાની તારીખે જે ઈજારદારની રજીસ્ટ્રેશન રીન્યુઅલ/ કેટેગરી રજીસ્ટ્રેશનની પ્રકિયા પુર્ણ થયેલ ન હોય, તેમનાં ટેન્ડર ખોલવાનાં રહેશે. નહી. તેની ગંભીરતાથી નોંધ લેવી.

(૧૦) ઉપરોકત સુચનાનું અનુસરણ ન થયેલ હોય તેવા ટેન્ડરો રદ થવા પાત્ર રહેશે.

(૧૧) ટેન્ડરો મંજુર કરવા, નામંજુર કરવા કે રદ કરવા અંગેના તમામ અધિકાર **જસદણ** નગરપાલિકાને અબાધિત રહેશે.

## <u>કરારનામું (કોન્ટ્રાકટ એગ્રીમેન્ટ)</u>

**<u>લખાવી લેનાર</u> :**
(૧) પ્રમુખ, જસદણ નગરપાલિકા, જિ : રાજકોટ
(૨) ચીફ ઓફીસર, જસદણ નગરપાલિકા, જિ : રાજકોટ

**<u>લખી આપનાર</u> :**
એજન્સી : ........................................................
........................................................................

**કામનું નામઃ સને ૨૦૨૫–૨૬ વર્ષની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (યુ.ડી.પી.–૮૮), નિર્મળ ગુજરાત ૨.૦ યોજના તથા માન. ધારાસભ્યશ્રીની યોજના અંતર્ગત નગરપાલીકાના જુદા–જુદા વિસ્તારમાં બોકસ કલ્વર્ટ, પેવીંગ બ્લોક રોડ, જી.વી.પી. પોઈન્ટ, સ્નાનાગૃહ તથા આંબેડકર ભવન રીનોવેશન કરવાનું કામ. (ત્રીજો પ્રયત્ન)**

આથી હું શ્રી .......................................... તે .................................. ના માલીક ધંધો : કોન્ટ્રાકટર ઉ.વ.... ......તથા જ્ઞાતી : .....................રહે................................ આથી લખી આપી બંધાઉ છુ કે આપના તરફથી ઉપરોકત કામ અંગે ઓનલાઈન પરસન્ટેજ રેઈટ ટેન્ડર મંગાવવામાં આવેલ (તાઃ....../....../૨૦૨૬ના રોજ કલાક સુધીમાં) તે પૈકી અમારૂ તાઃ............. નું ઉપરોકત કામના ભાવોનું ટેન્ડર કુલ રૂપિયા.....................(અંકે રૂપિયા........................................ રૂપિયા પુરા) નું એસ્ટીમેઈટ કોસ્ટ કરતા ..........%......... નું આપનીકચેરીના તા............ અનવયે નેગોસીએશન બાદ મંજુર કરવામાં આવેલ છે. જે અનવયે રૂપિયાઃ...............ના નોન જયુડીશીયલસ્ટેમ્પપેપર્સ ઉપર નિચે મુજબનું કરાર નામું કોન્ટેકટ એકટ ૧૮૭૨ એમેન્ડેડ અપ ટુ ડેઈટ (આજ દિવસના સુધારા વધારા સહીત) **જસદણ** નગરપાલિકા સાથે કરી આપુ છું.

### <u>શરતો</u>

(૧) સદરહું કામમાં એસ.બી.સી. એજન્સીને પોતાના ખર્ચે કરાવવાની રહેશે તેમજ એસ.બી.સી.ને અનુરૂપ સ્ટ્રકચરલ ડિઝાઈન, મીકસ ડિઝાઈન સરકાર માન્ય સરકાર માન્ય સ્ટ્રકચરલ એન્જીનીયર પાસે એજન્સીએ પોતાના ખર્ચે તૈયાર કરાવી નગરપાલિકાના માન્ય કન્સલટન્ટ એન્જીનિયર પાસે મંજુર કરાવવાની રહેશે. તેમજ કામમાં વાપરવાના થતા મટીરીયલ્સના તેમજ કયુબના ટેસ્ટીંગ નિયમોનુસાર'ગેરી'અથવા સરકાર માન્ય લેબોરેટરીમાં એજન્સીએ પોતાના ખર્ચે ટેસ્ટીંગ કરાવી રીપોર્ટ નગરપાલિકામાં રજુ કરવાના રહેશે. અને ટેસ્ટીંગના રીપોર્ટ **૨૦%** મુજબના ગેરીના અને **૮૦%** મુજબના સરકારમાન્ય લેબોરેટરીના રજુ કરવાના રહેશે.

(૨) કામની સમય મર્યાદા **૯(નવ)** માસની છે. આ સમય મર્યાદા નગરપાલિકા સુચવે તે તારીખથી ગણવામાં આવશે.

(૩) આ કામમાં વાપરવાનો જે માલ–સામાન બહારથી લાવામાં આવે તેની ધોરણસરની રોયલ્ટી ભરપાઈ કરીને ત્યારબાદ તે માલ–સામાન સાઈટ ઉપર લાવવાનો રહેશે. રોયલ્ટીની રકમ ભરપાય કરેલ હોય તેની પાવતી રનીંગ/ફાઈન બિલ દરમ્યાન કોન્ટ્રાકટરશ્રીએ રજુ કરવાની રહેશે. આમ રોયટલ્ટી ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૪) કામના થતા બિલમાંથી પ્રવર્તમાન દર મુજબ ઈન્કમ ટેકક્ષ કપાત કરવામાં આવશે તથા **૨.૫૦%** મુજબ સિકયોરીટી ડીપોઝીટ તથા **૧%** મુજબ વેલ્ફર ફંડ કપાત કરવામાં આવશે. કામ મંજુર થયેલ **૨.૫૦%** મુજબ ડિપોઝીટ ભરવાની રહેશે. ભરેલ તથા કપાત કરેલ કુલ **૫.૦૦%** સિકયોરીટી ડિપોઝીટ કામ પુર્ણ થયે કમ્પલીશન સર્ટીફિકેટ મળ્યેથી **ત્રણ–વર્ષ** સુધી **જસદણ** નગરપાલિકામાં જમા રાખવાની રહેશે.અને ટેન્ડર મંજુર થયેથી **૫.૦૦%** મુજબ પરર્ફોમન્સ બોન્ડ ડિપોઝીટ એફ.ડી.આર./બેંક ગેરેન્ટી રૂપે જમા કરવાની રહેશે. જે રકમ સંપુર્ણ કામ પુર્ણ થાય અને ફાઈનલ બિલ ના પેમેન્ટ થયાબાદ કમ્પલીશન સર્ટીફિકેટ મળ્યાબાદ છુટી કરવામાં આવશે. તેમજ **ત્રણ–વર્ષ** બાદ સિકયોરીટી ડિપોઝીટ છુટી કરવાની થતી હોય જે દરમ્યાન એજન્સી દ્વારા બેંક ગેરેન્ટી રજુ કરવામાં આવશે, તો તે માન્ય રાખવામાં આવશે નહી. જેની એજન્સીએ ખાસ નોંધ લેવાની રહેશે.અને **૧.૦૦%** મુજબ થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન ચાર્જ રનીંગ/ફાઈનલ બિલ માંથી કપાત કરવામાં આવશે.અને દરેક બિલ થયેલ કામના આઈટેમ રેઈટ મુજબની રકમના **૧૦૦%** રકમની ચુકવણી કરવામાં આવશે તેમજ દરેક રનીંગ/ફાઈનલ બિલમાંથી અગાઉ ચુકવેલ પેમેન્ટ બાદ કરવામાં આવશે.

(૫) આ કામમાં વાપરવામાં આવતા તમામ માલ–સામાન ઉપર રોયલ્ટી જી.એસ.ટી તેમજ અન્ય જે કાંઈ સરકારી લેણાથશે તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની (એજન્સીની) રહેશે.

(૬) આ કામમાં વાપરવાનું તમામ મટીરીયલ્સ પી.ડબલ્યુ.ડી.હેન્ડ બુક વોલ્યુમ નં.૧ અને ૨ તથા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સ્પેસીફીકેશન મુજબ રહેશે. તથા ટેન્ડરમાં આપેલ સ્પેશીફિકેશન તેમજ નગરપાલિકાના એન્જીનીયરની લેખિત સુચના મુજબ કરવાની રહેશે.

(૭) મંજુર થયેલા ભાવો ઉપર કોઈપણ સંજોગોમાં ભાવ વધારો (પ્રાઈઝ એકસકેલેશન) આપવામાં આવશે નહી.

(૮) તમામ માલસામાન એન્જીનીયર **જસદણ** નગરપાલીકા પાસેથી અગાઉ થી પાસ કરાવ્યા બાદજ સાઈટ ઉપર સપ્લાઈ કરવાનો છે. તેમ છંતા જો સપ્લાય કરેલ મટીરીયલ્સ એન્જીનીયર **જસદણ** નગરપાલીકાને ટેકનીકલી અનસાઉન્ડ લાગશે તો તે કોન્ટ્રાકટર ખર્ચે અને જોખમે સાઈટ ઉપરથી ખસેડી લેવાનું રહેશે અને કોન્ટ્રાકટર એમ કરવામાં નિષ્ફળ જશે તો **જસદણ** નગરપાલીકા કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે તે મટીરીયલ્સ સાઈટ ઉપરથી ઉપાડી લેશે.

(૯) આ કામમાં જે વધારાની એકસ્ટ્રા આઈટેમ કામ કરવાનું થાય તે ચાલુ એસ.ઓ.આર.પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ તથા માર્ગ અને મકાન વિભાગ–**રાજકોટ**ના શેડયુલ ઓફ રેઈટસના ભાવથી કોન્ટ્રાકટરે કરી આપવાનું છે. અથવા રેઈટ એનાલીસીસ મુજબ કરી આપવાનું છે. તથા ટેન્ડર ઉચા ભાવનું મંજુર થયેલ હશે તો એસ.ઓ.આર.માં આપેલ ભાવ મુજબ બિલમાં ચુકવવામાં આવશે, અને જો ટેન્ડર નીચા ભાવનું મંજુર થયેલ હશે તો એસ.ઓ.આર. ભાવથી ટેન્ડર જેટલા નીચા ભાવ મંજુર કરેલ હશે તે મુજબ દર નીચા કરી બિલમાં ચુકવવામાં આવશે.

(૧૦) સંપૂર્ણ કામગીરી સંસ્થાના પ્રમુખ સાહેબ તથા ચીફ ઓફીસર સાહેબ તેમજ એન્જીનીયરની સુચના તેમજ માર્ગદર્શન અનુસાર કરવાનું છે. અથવા સંસ્થાના માન્ય કન્સલટન્ટશ્રી અથવા પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટની, એજન્સીના અધિકૃત એન્જીનિયરશ્રીની સુચના/માર્ગદર્શન મુજબ કામગીરી કરવાની રહેશે.

(૧૧) સઘળા કામની વર્કમેન શીપ પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટ હેન્ડબુક વોલ્યુમ ૧ તથા ૨ ની સને ૧૯૪૯ ની ૬ આવૃતિમાં આપેલ સ્પેસીફીકેશન મુજબ કરી આપવાનું રહેશે.

(૧૨) આ કામ સમય મર્યાદામાં પુરૂ ન થાયતો ટેન્ડરમાં જણાવ્યા અનુસાર કોન્ટ્રાકટર થતા બિલમાંથી દૈનિક લેખે **કોન્ટ્રાકટ વેલ્યુના ૦.૧% મુજબ અને વધુમાં–વધુ ૧૦%** મર્યાદા સુધી પેનલ્ટી નગરપાલિકાના નિર્ણય ઉપર વસુલ કરવામાં આવશે.

(૧૩) સદરહું કામ અંગેનો સઘળો પત્રવ્યવ્હાર પ્રમુખ સા./ચીફઓફીસર **જસદણ** નગરપાલીકાના નામે કરવાનો રહેશે.

(૧૪) રાત્રીના કામ કરવાનું હોય તો પ્રમુખ સા. તથા ચીફ ઓફીસર **જસદણ** નગરપાલીકાની પુર્વ મંજુરીથી તે ચાલુ રાખી શકાશે.

(૧૫) કામની સિકયોરીટી ખાતર દર્શાવેલ મુદતમાં કરેલ કામમાં કોઈપણ પ્રકારનો ફોલ્ટ આવશે તો તે જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે.

(૧૬) **સ્પેશ્યલ શરત :** ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી તરફથી **૧લી જુલાઈ–૨૦૧૭** થી તમામ પ્રકારનાં વેપાર ધંધા/સર્વિસ સેકટર, સપ્લાયર્સ, કોન્ટ્રાકટરશ્રી ઉપર ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષનું (GST) ભારણ નાંખેલ છે જેમા ગુજરાત સરકાર નાણા વિભાગ પરિપત્ર ક્રમાંક જીએસટી/૧૦૧૭/૧૦૯૭/જીએસટી સેલ સચિવાલય ગાંધીનગર, તારીખ ૧૫/૦૯/૨૦૧૮ના પરિપત્ર મુજબ **૧ ઓકટોમ્બર ૨૦૧૮** થી ટેન્ડર ભરનાર કોન્ટ્રાકટરશ્રીના કામના રનીંગ/ફાઈનલ બિલમાંથી એસજીએસટી **૧%** અને સીજીએસટી **૧%** આમ કપાત કુલ **૨.૦૦%** મુજબની રકમ કપાત કરવાનું લાગુ કરવામાં આવેલ હોય જેથી નગરપાલિકા દ્વારા કોન્ટ્રાકટરશ્રીના કામના બનતા રનીગ/ફાઈનલ માંથી **૨.૦૦%** મુજબની રકમ કપાત કરવામાં આવશે. જેથી એજન્સીશ્રીએ આ બાબતને ધ્યાને લઈ ટેન્ડર ભરવાનું રહેશે. આ બાબતે ભવિષ્યની લાયેબીલીટી વિગેરે અંગેની સઘળી જવાબદારી કામ રાખનાર કોન્ટ્રાકટરશ્રીની રહેશે અને આ અંગેનું પાલન કોન્ટ્રાકટરશ્રીએ અથવા તેના વંશ–વારસોને કબુલ મંજુર, બંધનકર્તા રહેશે. અમારૂ ઉપરોકત વિગતવાળું કામ પૂર્ણ થાય, ફાઈનલ બીલ, સિકયોરીટી ડીપોઝીટ રીલીઝ થઈ જાય ત્યારબાદ પણ ભવિષ્યમાં આ પ્રકારનાં અથવા સરકારશ્રી સુચવે તે મુજબનાં ટેક્ષભરવાના સંજોગોમાં અમારે કામ રાખનાર સંસ્થામાં અથવા સંસ્થા સુચવે તે સરકારશ્રી નાં વિભાગમાં આ પ્રકારનાં કરવેરા ભરવા અંગેની સઘળી જવાબદારી આ કામ રાખનાર કોન્ટ્રાકટરશ્રી રહેશે.

(૧૭) સદરહું કામમાં ફાઈનલ બિલ બનાવતા પહેલા જરૂરી રોયલ્ટી માટે ખાણ ખનીજ વિભાગનું ના વાંધા પ્રમાણપત્ર, સિમેન્ટના પાકા બિલો, તેમજ માલ–સામાન, અને કયુબ ટેસ્ટીંગ માટેના એજન્સીએ જે ગર્વમેન્ટ માન્ય લેબોરેટરીમાં પરીક્ષણ કરાવેલ હોય તે લેબોરેટરીને ફી ચુકવેલ હોય તે ફીના બિલ **૧%** મુજબ ટેન્ડરની અંદાજીત રકમના રજુ કરવાના રહેશે.

(૧૮) જરૂર જણાયે પ્લાન એસ્ટીમેઈટ વિગેરેમાં ફેરફાર કરવાની સત્તા પ્રમુખ/ચીફ ઓફિસર **જસદણ** નગરપાલીકાની રહેશે.

(૧૯) મંજુર થયેલ જથ્થા કરતા કામ ઓછુ કે વધારે કરાવવું તે પ્રમુખ સા. **જસદણ** નગરપાલીકાની મનસુફી ઉપર છે અને એસ્ટીમેઈટ કરતા વધારે કામ **જસદણ** નગરપાલીકા તરફથી આપવામાં આવેતો તે અમારે અમારા મંજુર થયેલ ભાવ થી કોઈપણ આઈટમનું કામ તેમજ સઘળી આઈટમનું કામ કરી આપવાનું છે.

(૨૦) પાવર પાણી કે રોડ રોલર દીવાબતી ઈત્યાદીની સગવડ અમારે કરવાની રહેશે પરંતુ યોગ્ય બંધોબસ્ત **જસદણ** નગરપાલીકા તરફ થી કરી શકાય તેમ હશે તો **જસદણ** નગરપાલીકાને જરૂરી ફી ભરી આપવામાં આવશે.પરત્ આ સેવા મરજીયાત આપવામાં આવશે.

(૨૧) આ કામ ઉપર અમારે સતાધીસ ટેકનીકલ જ્ઞાન ધરાવતો પ્રતિનિધી રાખવાનો છે. કે જે કામ ઉપર દેખરેખ રાખી (સ્કીલ્ડ તેમજ અનસ્કીલ્ડ) મજુરો ઉપર કાબુ રાખી શકે જેતે અધિકૃત અધિકારી તરફથી વખતો વખત સુચના મુજબની કામગીરી સંપુર્ણ રીતે કરાવી શકે.

(૨૨) સચોટ કારણોસર કામ સમય–મર્યાદામાં પૂર્ણ કરી ન શકાયતો વ્યાજબી કારણોસર સમયમર્યાદા કોન્ટ્રાકટરની અરજી અનવયે વધારી આપવાની સતા પ્રમુખ સા. /ચીફઓફીસર સા. **જસદણ** નગરપાલીકાની રહેશે.

(૨૩) કામ પુરુ થયે સાફસુફી ચોકસાઈ ઈત્યાદીની બિન જરૂરી વેસ્ટ સાફસુફી કરી આપવાની રહેશે જેનો કોઈખર્ચ કોન્ટ્રાકટર ને નગરપાલીકા **જસદણ** તરફથી આપવામાં આવશે નહી.

(૨૪) શ્રી પ્રોજેકટ કન્સલ્ટન્ટે માપ લીધેલ હશે તે રેકોર્ડ મુજબના માપો અમારે માન્ય રાખવાના રહેશે માપ લેતી વખતે અમારે ન.પા. ના એન્જીનીયર સાથે હાજર રહેવાનું છે.

(૨૫) આ કામ દરમ્યાન કોઈપણ જાનમાલની હાની થાય કે કોઈપણ જાતના અકસ્માત થાય તો તે અંગેની વર્કમેન કમ્પેસેશન એકટ અનવયે જે કોઈ જવાબદારી ઉભી થાય તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૨૬) કોઈપણ મટીરીયલનું કોઈ એડવાન્સ પેમેન્ટ આપવામાં આવશે નહી તેમજ બજાર કિંમતમાં થતા વધારા મુજબ કોઈ ભાવ વધારો માલ સામાનમાં કે મજુરી કામમાં આપવામાં આવશે નહી.

(૨૭) જો હું આ કામમાં ઢીલ કરૂ તો **જસદણ** નગરપાલીકા આ કામ મારા ખર્ચે અને જોખમે બીજા કોન્ટ્રાકટર પાસે કરાવી લેવા મુખત્યાર રહેશે. તેમાં જે નુકશાની જાય તે મારે ભરવાની છે અને નફો થાય તો તેના ઉપર મારો કોઈ હકક રહેશે નહી.

(૨૮) સદરહું ટેન્ડરમાં ચાલુ કામગીરી દરમ્યાન તેમજ**૩–વર્ષની** ડિફેકટ લાયબીલીટી પીરીયડ દરમ્યાન કુદરતી રીતે કોઈપણ નુકશાન થાય તો તેની જવાબદારી કોન્ટ્રાકટરના શીરે રહેશે.

(૨૯) કોન્ટ્રાકટરે પોતે રાખેલ કારીગરો મજુરોને મીનીમમ વેઈઝીસ ઓર્ડર પ્રમાણે મજુરીના દર આપવાના રહેશે.

(૩૦) આ કામ વ્યવસ્થિત સ્પેશીફીકેશન મુજબ નહી કરવામાં આવે તો તે અંગેના તમામ ખર્ચની જવાબદારી કોન્ટ્રાકટરના શીરે રહેશે. અને તે માટે કોન્ટ્રાકટ રદ થવાને પાત્ર રહેશે. અને બાકીનું કામ કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે કરાવી લેવા પ્રમુખ/ચીફ ઓફીસર **જસદણ** નગરપાલીકા મુખત્યાર છે. આવા સંજોગોમાં ડિપોઝીટની રકમ જપ્ત કરવા તથા થયેલ કામમાંથી થયેલ તમામ ખર્ચ વસુલ લેવા **જસદણ** નગરપાલીકા મુખત્યાર છે.

(૩૧) વર્ક ઓર્ડર મુજબ આપેલ કામમાં ચાલુ કામો અન્ય આસામીઓની મિલકત અગર જાનમાલની કોઈપણ નુકશાન થશે તો તેની જવાબદારી કોન્ટ્રાકટરના શીરે રહેશે અને તે અંગે કોઈપણ વળતરની રકમ ચુકવવાનીથાય તો તે કોન્ટ્રાકટરે ચુકવી આપવાની રહેશે. જો કોન્ટ્રાકટર વળતર ચુકવવાનો અમલ ન કરે તો તેવા વળતર વગેરેની રકમ તેના બિલમાંથી કાપી લેવામાં આવશે.

(૩૨) આ કામ કરતા કોઈપણ મજુર, કારીગર, સુપરવાઈઝર કે અન્ય વ્યકિતને ઈજા થાય અથવાતો મૃત્યુ પામે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ માટે કોન્ટ્રાકટરશ્રી એ અકસ્માત વીમા પોલીસી લેવાની રહેશે.

(૩૩) ખોદાણકામ દરમ્યાન ટેલીફોન ના કેબલ તેમજ ન.પા.ની પાઈપ લાઈન કે અન્ય કોઈપણ ઈસમોની નુકશાની ઈજરદારે સ્વખર્ચે ભોગવવાની રહેશે. અને તે અંગેના લીગલ બાબતની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૩૪) સદર કામમાં તમામ મટીરીયલ્સ આઈ.એસ.આઈ. બ્રાન્ડના વાપરવાના રહેશે. અને કામગીરી દમ્યાન ફકત આ સાથે સામેલ વેન્ડર લીસ્ટ મુજબની કંપનીના માલ–સામન સપ્લાય કરવાના રહેશે. અન્ય કંપનીનો માલ–સામાન માન્ય રાખવામાં આવશે નહી.

(૩૫) સદર કામમાં સી.સી. કે આર.સી.સી. ભરાઈમાં વાઈબ્રેટર વાપરવાનું રહેશે. અથવા નગરપાલિકાની સુચના મુજબની મશીનરી વાપરવાની રહેશે.

(૩૬) આ કામમાં તમામ પ્રકારનું કયોરીંગ એજન્સીએ કરી આપવાનું રહેશે.

(૩૭) **સી.સી. કે આર.સી.સી.રોડના કામમાં ટ્રી–મીકસનો વપરાશ કરવાનો રહેશે. તેમજ એમ.–૨૦૦માં ફાઈનલ સી.સી વર્ક મીકસ ડિઝાઈન ૭.૨૦ પર ઘન મીટર આઈ.એસ કોડ મુજબ કરાવી કરવવાનું રહેશે આ આર.સી.સી. ફલોરીંગમાં સાથો સાથ ગૃવ મુકવાની રહેશે અને તેમાં સાથો સાથ ડામર શીટ મુકવાની રહેશે તેમજ ૧૫–દિવસ કયારા બનાવી કયોરીંગ કરવાનું રહેશે. આ વિગત જાણી એજન્સીએ ભાવ ભરવાના રહેશે.**

(૩૮) **સદરહું ટેન્ડરમાં શેડયુલ–બીમાં જણાવ્યા મુજબનું એમ–૨૦૦ની સી.સી. આઈટમાં કોક્રીટમાં કેમીકલ ૧.૫૦ કિ.ગ્રામ પ્રતિ સિમેન્ટ બેગે વાપરવાનું રહેશે. આ વિગત જાણી એજન્સીએ ભાવ ભરવાના રહેશે.**

(૩૯) કોન્ટ્રાકટરશ્રીએ પોતાના સ્વખર્ચે આ કામમાં વપરાશમાં લેવાના **સી.સી.એમ–૨૦૦** કોક્રીટની આઈ.એસ. સ્ટાન્ડર્ડ પ્રમાણે કોન્ક્રીટ મીક્ષ ડીઝાઈન તૈયાર કરાવવાની રહેશે અને તે મુજબ કોન્ક્રીટ વપરાશ કરવાના રહેશે.

(૪૦) સદરહું કામના સી.સી. રોડ કે આર.સી.સી. રોડમાં નગરપાલિકા અથવા નગરપાલિકાના નિયુકત પી.એમ.સી.એજન્સી ના અધિકૃત એન્જીનિયરશ્રીની સુચના મુજબ કોન્ટ્રેકશન જોઈન્ટ માટે નિયમાનુસાર હોરીઝોન્ટલ અને વર્ટીકલ ગૃવ રાખવાની રહેશે. તેમજ કોન્ટ્રેકશન જોઈન્ટનું ફીલીંગ આસ્ફાલ્ટથી કરવાના રહેશે.

(૪૧) સદરહું ટ્રી–મીકસ સી.સી. અને આર.સી.સી. રોડના કામમાં વપરાશમાં લેવાતા સિમેન્ટ કોન્ક્રીટ **એમ–૨૦૦**માં પ્રત્યેક **૨૦૦ ઘ.મી.**ના જથ્થાએ એક સ્થળે નગરપાલિકાની સુચના મુજબ સ્થળ સ્થિતીના પંચ રોજકામ કર્યાબાદ કોર ટેસ્ટીંગ કોન્ટ્રાકટરશ્રીએ પોતાના ખર્ચે કરી આપવાના રહેશે, અને આ ટેસ્ટના સફળતા પૂર્વકના ટેસ્ટીંગ રીઝલ્ટ મળ્યા બાદ એજન્સીનું બિલ ચુકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અન્યથા જો રીઝલ્ટ ફેઈલ થાય તો કોન્ક્રીટના **૨૦૦ ઘ.મી** ના કોઈપણ પ્રકારના પેમેન્ટ/બીલ ચુકવવાના રહેશે નહી. અને કરેલ કોન્ક્રીટના સ્થળે ફરી વખત **એમ–૨૦૦** કોન્ક્રીટ

વિનામુલ્યે કરી આપવાના રહેશે.

(૪૨) **જસદણ** નગરપાલિકા/સરકારશ્રી નિયુકત થર્ડ પાર્ટી ઈન્સપેકશન કરનારી એજન્સીના એન્જીનિયરશ્રી મારફત સ્થળ પર સીમેન્ટ કોન્ક્રીટ **એમ–૨૦૦**ના કયુબ ટસ્ટીંગ **(૭–દિવસ અને ૨૮–દિવસ સ્ટ્રેન્થ)** કરવામાં આવશે અને તે રીઝલ્ટ સફળ થશે તો અને તોજ પેમેન્ટ ચુકવવામાં આવશે. આ ઉપરાંત સ્થળપર કોન્ક્રીટને લગત અન્ય ટેસ્ટપણ કરવા માં આવશે.

(૪૩) સદરહું કામમાં ઉપયોગમાં લેવાનાર ટોટલ એગ્રીગેટ**(૧૨ થી ૨૦એમએમ સાઈઝ)**મેટલ અને **૪૦એમએમ** સાઈઝની મેટલ **જસદણ** નગરપાલિકા અથવા પી.એમ.સી.એ એપ્રુવ્ડ કાર્યાબાદ જ વપરાશમાં લેવાની રહેશે તેમ છતાં આ મેટલ કોઈપણ સંજોગોમાં ફલેકી અથવા પાલો કરેલી(મીક્ષીંગ વાળી) મેટલ ઉપયોગ કરવા દેવામાં આવશે નહી.

(૪૪) પેવિંગ બ્લોકના કામમાં **જસદણ** નગરપાલિકાના કન્સલટીંગ એન્જીનિયરની સુચના મુજબ એજન્સીએ નગરપાલિકા હદ વિસ્તારમાં પ્લાન્ટ નાંખી અથવા લોકલ સારા મેન્યુફેકચર પાસે રબ્બર મોલ્ડ પેવર બ્લોક **૬૦એમએમ** જાડાઈના **એમ–૩૦૦** ગ્રેડમાંબનાવવાના રહેશે લાઈટ અને પાણીની વ્યવસ્થા એજન્સીએ પોતાના ખર્ચે કરવાની રહેશે. તેમજ જરૂરી લેબોરેટરી સાઈટ ઉપર કવોલીટી તેમજ સ્ટ્રેન્થ ચેક કરવા ઉપલબ્ધ કરાવવાનું રહેશે.

(૪૫) સીમેન્ટ, પાઈપ, લાઈટ અને સ્ટીલના રજીસ્ટર અલગથી નિભાવવાના રહેશે તથા પ્રત્યેક રનીંગબીલ સાથે સીમેન્ટ, લાઈટ, પાઈપ અને સ્ટીલના પાકા બીલો રજુ કરવાના રહેશે.

(૪૬) સદરહું ટેન્ડર કામગીરીને લગતા તમામ પ્રકારાના જેમ કે, સિમેન્ટ, મીક્ષ ડીઝાઈન, સ્ટીલ ડિઝાઈન, કયુબ ટેસ્ટીંગ, મટીરીયલ્સના વિગેરે રજીસ્ટર એજન્સીએ પોતાનો એન્જીનિયર/સુપરવાઈઝર રાખીને નિભાવાના રહેશે. તથા રનીંગ/ફાઈનલ બિલ સાથે રજુ કરવાના રહેશે ત્યારબાદ બિલની આગળની કાર્યવાહી કરવાની રહેશે.જેની એજન્સીએ ખાસ નોંધ લેવાની રહેશે.

(૪૭) સીમેન્ટ વપરાશની આઈટમની બાબતમાં ઓછામાં ઓછું ૧૫–દિવસ વોટર કયુરીંગ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રી ની રહેશે.

(૪૮) **જસદણ** નગરપાલિકાની સુચના મુજબની સીમેન્ટ બેગ, લાઈટ, બ્લોક, બેંન્ચ અને સ્ટીલ વપરાશ કરવાની રહેશે. આ બાબતે કોઈ તકદાર કરવાની રહેશે નહી.

(૪૯) જો **જસદણ** નગરપાલિકા તરફથી પાણી આપવામાં આવે તો પાણીની વપરાશની આઈટમની કિંમતના **૧%** મુજબ વોટર ચાર્જ કપાત કરવામાં આવશે.

(૫૦) કોન્ક્રીટ કે મોર્ટર બનાવવામાં વપરાશમાં લેનાર રેતી,કપચી/મેટલ માટે તગારા ઉપયોગમાં લઈ શકાશે નહી તેને બદલે નિયત માપ સાઈઝના હેન્ડલવાળા બોક્ષના ઉપયોગ કરવાના રહેશે. અથવા વેબેચર પ્લાન્ટના વજન મુજબ રેતી, કાંકરી કે કપચી વપરાશ કરવાના રહેશે.

(૫૧) ચાલુ કામ દરમ્યાન ફોટોગ્રાફસ લેવાના રહેશે અને સિમેન્ટ, પાઈપ, લાઈટ, પેવિંગ બ્લોક, બેંન્ચ અને સ્ટીલના વપરાશ ના ફોટોગ્રાફસ ખાસ અલગથી રજુ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૫૨) સદરહું કામમાં કોઈપણ મટીરયલ્સ સપ્લાય કર્યાપહેલા સ્થળની પુરી તપાસ કરીને વ્યવસ્થા વિગેરેની સંપૂર્ણ જાણકારી મેળવેલ છે તેમ માનવામાં આવશે. સાઈટકન્ડીશનને કારણે ઉદભવેલા કોઈપણ દાવાને ધ્યાનમાં લેવામાં નહી આવે.

(૫૩) **આ કામગીરીમાં ખોદાણ દરમ્યાન હયાત ભુર્ગભ ગટરની પાઈપ લાઈન, મેનહોલ ચેમ્બર, હાઉસ કનેકશન ચેમ્બર,ગટર ની હાઉસ કનેકશનની પાઈપ લાઈન, પાણીની હાઉ કનેકશનની પાઈપ લાઈન, પાણીની પાઈપ લાઈન,ઈલેકટ્રીક લાઈન ટેલીફોન લાઈન, વગેરે નુકશાન કે નાશ થાય તે સમગ્ર કામગીરી એજન્સીએ(કોન્ટ્રાકટરે) માલ–સામાન તથા મજુરી સહિત રીપેરીંગ કરી વ્યવસ્થિત કરી આપવાનું રહેશે. એજન્સીએ જેની ખાસ નોંધ લેવાની રહેશે અને આ વિગત ધ્યાને લઈ એજન્સીએ ભાવ ભરવાના રહેશે.**

(૫૪) **સદરહું કામમાં મંજુર થયેલ ટેન્ડરની કિંમત મુજબ ડિપોઝીટ ભરીને એગ્રીમેન્ટ કરવામાં આવશે. પરંતુ ગ્રાંટની ઉપલબ્ધતા મુજબ વર્ક ઓર્ડર આપવામાં આવશે. તદ ઉપરાંત આ ટેન્ડરની કિંમત મુજબનું કામ કરાવવુ કે તેના થી ઓછી કિંમતનું કામ કરાવવુ તે ગ્રાંટની ઉપલબ્ધતા મુજબ હોય જેથી નગરપાલિકા તરફ થી જે નિર્ણય કરવામાં આવશે તે એજન્સી (કોન્ટ્રાકટરશ્રી) તે માન્ય રાખવાનો રહશે. આ બાબતે એજન્સીએ વિવાદ કે કોર્ટ કચેરીમાં જઈ શકશે નહી તે ધ્યાને લઈ ટેન્ડર ભરવાનું રહેશે.**

(૫૫) **તમામ કામગીરી દરમ્યાન બન્ને બાજુ હયાત ઓટા કે અન્ય પાકા બાંધકામ તોડવાના થાય તો તેના ભાવ એજન્સી દ્વારા ભરેલ શેડયુલ–બીમાં બોકસ કર્ટીંગ/એકશેવેશનની આઈટમ મુજબ ચુકવવામાં આવશે. એજન્સીએ જેની ખાસ નોંધ લેવાની રહેશે અને આ વિગત ધ્યાને લઈ એજન્સીએ ભાવ ભરવાના રહેશે.**

(૫૬) કામગીરીના રનીંગ બીલ કે ફાઈનલ બીલના મેઝરમેન્ટ સાથેના એબસ્ટ્રેકટ શીટ સાથેના બીલ તૈયાર કરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. અને તેની સકાસણી **જસદણ** નગરપાલિકા કરી શકશે પરંતુ માપ અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૫૭) દરેક રનીંગ/ફાઈનલ બીલના માપો કોન્ટ્રાકટરશ્રીએ **જસદણ** નગરપાલિકામાં રજુ કરવાના રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ પણ જાણકારી ધરાવતા હોવા જોઈએ કે ખોટા માપો સબમીટ કરવા અને તેના બીલ **જસદણ** નગરપાલિકા માંથી લેવા/ચુકવવા તે એક પ્રકારની આર્થીક ઉચાયત ગણાશે અને તે બદલ ફોઝદારી ધારા હેઠળ ફરીયાદ કોન્ટ્રાકટરશ્રી પર કરવા માં આવે તો તે અંગેની સધળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૫૮) તમામ કામગીરી **જસદણ** નગરપાલિકાના અધિકૃત સુપરવાઈઝર/કન્સલટન્ટશ્રીના અધિકૃત સુપરવાઈઝરશ્રી અથવા પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્સી એજન્સીના અધિકૃત સુપરવાઈઝરશ્રી/એન્જીનિયરશ્રીની હાજરીમાં જ તમામ કામગીરી કરવાની રહેશે. સુપરવીઝન/સુપરવાઈઝર વગર કરેલ કામનું પેમેન્ટ ચુકવવા પાત્ર થશે નહી.

(૫૯) નગરપાલિકાના પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્સીના અધિકૃત સુપરવાઈઝરશ્રી/એન્જીનિયરશ્રીને સાઈટ પર એ મુજબ જણાય કે કામમાં માલ–સામાનમાં સ્પેશીફિકેશન વિરૂધ્ધ કઈક થઈ રહેલ છે તે સંજોગોમાં ચાલુ કામ તાત્કાલીક અસર થી સ્ટોપ/બંધ કરાવી શકશે આ અંગે કોઈ વિવાદ કરવાના રહેશે નહી.

(૬૦) કામપુર્ણ થયાબાદ ભવિષ્યમાં પુર્ણ થયેલ કામ બાબતે આર્થિક રકમની રીકવરીના પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેની સધળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. અને આર્થિક રીકવરીની રકમ હેવન્યુ રાહે **જસદણ** નગરપાલિકા વસુલી શકશે.

(૬૧) કોઈપણ કામના ફાઈનલ બિલ સાથે કામ દીઠ, આઈટેમ દીઠ એકસેસ સેવીંગ સ્ટેટમેન્ટ બીનચુક તૈયાર કરવાના રહેશે. વધારા–ધટાડાના ખર્ચના અહેવાલ સક્ષમ ઓથોરીટી દ્વારા મંજુર કરવામાં આવ્યા બાદ ફાઈનલ બીલના પેમેન્ટ ચુકવવા ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૬૨) કોઈપણ ગ્રાંટ/અનુદાન હેઠળના કામોના બિલ ગ્રાંટ/અનુદાનની રકમની મર્યાદામાં જ ચુકવવામાં આવશે. વધારાના ખર્ચ સક્ષમ ઓથોરીટી દ્વારા મંજુર કર્યાબાદ ચુકવવામાં આવશે.

(૬૩) સરકારશ્રી અનુદાન/ગ્રાંટ હેઠળના તમામ કામોમાં સરકારશ્રી નિયુકત/નગરપાલિકા નિયુકત થર્ડપાર્ટી ઈન્સપેકશન એજન્સી પાસે થર્ડપાર્ટી ઈન્સપેકશન કરાવવામાં આવશે અને તેના રીપોર્ટ નગરપાલિકાને મળ્યાબાદ રનીંગ બીલ/ફાઈનલ બિલના પેમેન્ટના ચુકવણા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ થર્ડ પાર્ટી કરવારવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૬૪) કામગીરીની દરેક સાઈટ પર નિયત લખાણ સાથેના, વિયતો સાથેના બોર્ડ સાઈટ પર મુકવાના રહેશે. સાઈટ પર સલામતી સુચક બોર્ડ, નિયત રીબીન, અન્ય આડશ મુકવા વિગેરે અંગની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે તેમ છતા અકસ્માત થાય કે પોલીસ ફરીયાદના પ્રસંગમાં **જસદણ** નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૬૫) કામ દરમ્યાન બાયપાસ રસ્તા અંગેની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૬૬) સદરહું ટેન્ડર ભરનાર એજન્સી પાસે જી.એસ.ટી અને પી.એફ ભરવાની જવાબદારી એજન્સીની રહેશે. સબંધીત કચેરી દ્વારા આ બાબતે કોઈ પશ્ન ઉપસ્થીત થશે તો જવાબદારી સબંધીત એજન્સીની રહેશે.

(૬૭) સદરહું કામમાં એજન્સીએ કામ શરૂ કર્યા પહેલા હૈયાત સ્થળ સ્થિતીના ફોટોગ્રાફસ અને કામપુર્ણ થયા બાદના ફોટોગ્રાફસ રનીંગ/ફાઈનલ બિલ રજુ કરતી વખતે સાથે (હાર્ડ કોપી અને સોફટ કોપી) પાંચ નકલમાં કોન્ટ્રાકટરશ્રીએ **જસદણ** નગરપાલિકામાં સબમીટ કરવાના રહેશે.

(૬૮) એમ્પલોયમેન્ટ પ્રોવીડન્ટ ફંડ અકેટ હેઠળ કોન્ટ્રાકટ કામમાં રોકાયેલ કર્મીઓના માસીક ધોરણે એમ્પલોયમેન પ્રોવીડન્ટ ફંડ નિયમીત પણે ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. આ ઉપરાંત કોન્ટ્રાકટરશ્રીને જે રકમના કોન્ટ્રાકટ **જસદણ** નગરપાલિકા તરફ થી સોંપવામાં આવેલ હોય તેના અંદાજીત **૨૦ થી ૩૦%** લેબર ખર્ચ મુજબ ગણતરી કરવામાં આવશે અને તે લેબર ખર્ચના **૧૨%** ઈપીએફ ભરવાની જવાબદારી જે તે કર્મીની રહે છે અને બાકીના **૧૨%** ઈપીએફ ભરવાની જવાબદારી જે તે કોન્ટ્રાકટરશ્રીની રહેશે અને તે ઈપીએફ રકમ ઓનલાઈન પેમેન્ટ ભરપાઈ કર્યાના ચલણ માસીક **તા. ૧૫** પહેલા **જસદણ** નગરપાલિકામાં રજુ કરવાના રહેશે તથા ચલણની સાથો–સાથ કર્મીઓના હાજરીપત્રકની ખરી નકલ, પેમેન્ટ ચુકવાની કેશબુક–ચેકાનંબર, વાઉચર, બેલેન્સ સીટ, ફોર્મનં. ૨૬ તથા ફોમનં. ૨૬ (સી) (ટીડીએસ) રજુ કરવાના રહેશે આ ઉપરાંત કોન્ટ્રાકટરશ્રીએ આ અંગેની તમામ ડોકયુમેન્ટસ દરેક રનીંગબીલ/ફાઈનલ બીલ સાથે જોડવાના રહેશે અને ત્યારબાદ કોન્ટ્રાકટરશ્રીના પેમેન્ટ ચુકવવામાં આવશે. તથા સરકારશ્રીના વખતો–વખતના ઠરાવો–પરીપત્રોના ચુસ્ત પણે કોન્ટ્રાકરશ્રીએ પાલન કરવાના રહેશે.

(૬૯) કોન્ટ્રાકટરશ્રીએ શેડયુલ–બીમાં ભરેલ ભાવ તમામ ટેકસ, રોયલ્ટી, ટ્રાન્સપોર્ટ ભાડુ જેવો વિગેરે ચાર્જ સાથેનો ભરવાનો રહેશે. તે બાબતે કોઈપણ અલગથી ચાર્જ નગરપાલિકા દ્વારા આપવામાં આવશે નહી. અને ભાવો મંજુર થયાબાદ કોઈપણ ભાવ વધારો નગરપાલિકા તરફથી આપવામાં આવશે નહી.તે વિગત જાણી એજન્સીએ ભાવો ભરવાના રહેશે.

(૭૦) **જસદણ** નગરપાલિકામાં કોન્ટ્રાકટરશ્રીને સોંપવામાં આવેલ કામગીરીના અમલીકરણ દરમ્યાન, સ્થળ,સ્થિતી, સંજોગો, કામની જરૂરીયાત મુજબ અંદાજીતમાં ન હોય તેવી કોઈપણ આઈટેમના અમલીકરણના સંજોગોમાં નગરપાલિકાના

ચીફ ઓફિસરશ્રી અને પ્રમુખશ્રી/કારોબારીના ઠરાવ/સામાન્ય સભાના ઠરાવ સાથે મંજુરી મેળવી લીધા બાદ લેખીતમાં પત્ર મળ્યાબાદ આ એક્ષ્ટ્રા/વધારાની આઈટેમના અમલીકરણ કરવાના રહેશે અને તેના પેમેન્ટ ફાયનલ બીલમાં રીલીઝ કરવામાં આવશે.

(૭૧) **જસદણ** નગરપાલિકામાં સ્થળ–સ્થિતી સંજોગો કામની જરૂરીયાત તથા લોક માંગણી/સદસ્યશ્રીઓની માંગણી મુજબ કામના અંદાજીત ખર્ચમાં અંદાજીત રકમના **૧૦%** રકમ સુધીનો વધારો કરી શકાશે અને જો **૧૦%** વધારે કામગીરી કરાવવાના સંજોગોમાં રીવાઈઝડ અંદાઝ તૈયાર કરી, રીવાઈઝડ તાંત્રિક મંજુરી મેળવી, નગરપાલિકા લેવલે/અક્ષમ લેવલે રીવાઈઝડ મંજુરી મેળવ્યા બાદ તેના પત્ર રજુ થયેથી બીલ તૈયાર કરવામાં આવશે.

(૭૨) સદરહું ટેન્ડરમાં લીધેલ તમામ પ્રકારના કામોમાં સરકારશ્રી માંથી હપ્તા પ્રમાણે ગ્રાંટ મળવાપાત્ર હોય જેથી જે હપ્તાની ગ્રાંટ ઉપલબ્ધ હશે તેજ પ્રમાણે બિલોનું ચુકવણુ કરવામાં આવશે, જો સરકારશ્રી દ્વારા હપ્તા ફાળવણીમાં વિલંબ થાય તો એજન્સીના થયેલ કામના રનીંગ/ફાઈનલ બિલો ચુકવવામાં વિલંધ થાય તો તે બાબતે એજન્સીએ કોઈપણ પ્રકારનો વિવાદ કે કોર્ટ–કચેરી કે અન્ય પ્રકારની કાર્યવાહી કરી શકશે નહી, જેની એજન્સીએ ખાસ નોંધ લેવાની રહેશે.

(૭૩) સદરહું કામમાં સી.સી. અને આર.સી.સી. રોડની કામગીરીમાં **એમ–૨૦૦** સી.સી. વર્કનું મેઝરમેન્ટ ઓન–સાઈટ પર થયેલ કામગીરીના માપ–સાઈઝ નગરપાલિકાના અને કન્સલટન્સી અધિકૃત સુપરવાઝરશ્રી/એન્જીનિયરશ્રી દ્વારા લેવા માં આવશે માપ–સાઈઝ લેતી વખતે એજન્સીના અધિકૃત સુપરવાઝરશ્રી/એન્જીનિયરશ્રીએ સાથે રહી માપ–સાઈઝ લેવાના રહેશે. અને તેજ માન્ય રહેશે અને એજન્સીનું રનીંગ/ફાઈનલ બિલનું ચુંકવણુ તે પ્રમાણે કરવામાં આવશે. મીલીરમાં સી.સી.નો માલ આવેલ માપ–સાઈઝ માન્ય રહેશે નહી. જેની એજન્સીએ ખાસ નોંધ લેવાની રહેશે. આ અંગે કોઈ વિવાદ કરવાના રહેશે નહી.

(૭૪) સદરહું ટેન્ડરમાં સી.સી. કે આર.સી.સી. અને બિલ્ડીંગના કામમાં કવોલીટી બાબતનો પ્રશ્ન ઉપસ્થીત થશે કે કન્સલટન્ટ કે નગરપાલિકાના એન્જીનિયરને જરૂર જણાશે તો તે જેતે સી.સી. કે સી.સી. કોન્ક્રીટના કોર કટીંગ કરાવી સરકાર માન્ય લેબોરેટરીમાં જરૂરી થીકનેશ તેમજ સ્ટ્રેન્થની ચકાસણી કરાવવામાં આવશે. તેમજ પેવિંગ બ્લોકમાં થયેલ રસ્તા વાઈઝ કામમાં દરેક રોડ માંથી પેવિંગ બ્લોકનું સેમ્પલ લઈ સરકાર માન્ય લેબોરેટરીમાં જરૂરી થીકનેશ તેમજ સ્ટ્રેન્થની ચકાસણી કરાવવામાં આવશે.જો આ બાબતની ચકાસણી કરતા થીકનેશ તેમજ સ્ટ્રેન્થ યોગ્ય લાગશે તોજ એજન્સીનું રનીંગ/ફાઈનલ બિલ બનાવવા કે ચુકવવામાં આવશે. જેની એજન્સીએ ગંભીર નોંધ લેવાની રહેશે અને આ બાબતને જરૂરથી ધ્યાને રાખી એજન્સીએ ભાવો ભરવાના રહેશે. આ અંગે કોઈ વિવાદ કરવાના રહેશે નહી.

(૭૫) **સદરહું ટેન્ડરમાં તમામ શેડયુલ–બીમાં એસ.ઓ.આર. ભાવ જી.એસ.ટી. વગરના હોય જેથી કામગીરીના બનતા રનીંગ/ફાઈનલ બીલમાં પ્રવર્તમાન દર મુજબનો ઉમેરો કરી નગરપાલિકા દ્વારા એજન્સીને બીલનું ચુકવણું કરવામાં આવશે. તેમજ જી.એસ.ટી અંગેની જવાબદારી એજન્સીની રહેશે. જેની એજન્સીએ ખાસનોંધ લેવાની રહેશે.**

(૭૬) ટેન્ડરમાં સામેલ કરેલ ચુકવણા તથા કામ બાબતની ખાસ શરતો તેમજ આ ટેન્ડર કરારનો એક ભાગ ગણાશે જે કોન્ટ્રાકટર અથવા તેના ભાગીદાર અને તેના વારસોને માન્ય રહેશે.

આ કરાર નામુ રૂપિયાઃ...........ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર્સ જેની તારીખઃ.............જેના પહેલા સ્ટેમ્પના રજી.ના નં........... થી............ સ્ટેમ્પ ૧ થી ......... તથા કોરા લેઝર પાના ........જોડી કુલ પાના.........ઉપર ટાઈપ કરાવી આપેલ છે.

ઉપર મુજબનું કરારનામું મે પોતે વાંચી સમજી અકકલ હોંશીયારીથી વિના કેફે કોઈની શેહ શરમ રાખ્યા વગર રાજીખુશીથી કરી આપેલ છે જે મને તથા મારા બધા ભાગીદારો તથા મારા વાલી વંશ વારસો ને દરેક પ્રકારે કબુલ મંજુર તેમજ બંધનકર્તા છે જે બદલ મે મારી સહી કરી જરુરી શાખો નીચે કરાવેલ છે.

**સ્થળ : જસદણ** ....................................

**તા....../....../...........** **(કોન્ટ્રાકટરની સહી)**

**શાખો :– ( નામ તથા સરનામું )**

(૧) ................................. **ચીફ ઓફીસર**
................................. **જસદણ નગરપાલીકા**
................................. **જસદણ**

(૨) ................................. **પ્રમુખ**
................................. **જસદણ નગરપાલીકા**
................................. **જસદણ**